March. 1995

બિરાદર અક્ષયકુમાર સ્મરણાંજલિ વિશેષાંક

# પડકાર

આદ્ય સંપાદક :
અક્ષયકુમાર દેસાઈ

ત્રિમાસિક

વર્ષ - ૧૨ અંક ૧ જાન્યુઆરી - માર્ચ, ૧૯૯૫


અનુક્રમણિકા

[redacted]

સંપાદકો : અર્ચના ગૌતમ
વિલફ્રેડ

વાર્ષિક યોગદાન : રૂ. ૨૦/-
(ડી.ડી./મનીઓર્ડર દ્વારા)

સંપર્ક :
પડકાર કાર્યાલય
૭૯૪ એ, સેક્ટર-૨૧,
ગાંધીનગર - ૩૮૨ ૦૨૧ (ગુજરાત)



## કેટલુંક અંગત

'પડકાર'નો પ્રસ્તુત અંક, પડકારના પ્રણેતા અને આદ્ય સ્થાપક ડૉ. અક્ષયકુમાર દેસાઈની સ્મરણાંજલિ રૂપે પ્રગટ થાય છે. હવેથી જેની ધૂરા સંભાળવાના છે તે તંત્રીમંડળ તરફથી મને સૂચવવામાં આવ્યું કે મારે પણ આ પ્રસંગે અક્ષયના અંગત જીવનને સ્પર્શતું કંઈક લખાણ આપવું. મેં સંમતિ આપી, પરંતુ પોતાની જોડે નિકટતાથી સંકળાયેલી વ્યક્તિ, જેની જોડે લગભગ પાંચ દાયકાઓ સુખ દુઃખના સાહચર્યમાં ગાળ્યા હોય એને વિશે લખવું એ પણ મોટો 'પડકાર' જ છે. મનની અસાધારણ સ્વસ્થતા, અંગત છતાં બીન અંગત પરિપ્રેક્ષ્યને જાળવી નટના ખેલ જેવું સમતોલપણું રાખવાની મથામણમાં હું પસાર થઈ રહી છું.

૧૧મી નવેમ્બર સુધી જેના હસ્તાક્ષરોવાળી નોંધ મળે, મિત્રોને કે વાચકોને લખેલા કાગળોની નકલો મળે, ડૉક્ટરના સાંનિધ્યમાં ક્રીકેટ મેચ જોતી હોય, તે વ્યક્તિ અચાનક ૧૨મી નવેમ્બરે સ્હવારે દુનિયા છોડી ચાલી જાય એ ઘટના હજુ પણ સ્વીકાર્ય બનતી નથી. વખતે છેલ્લી થોડીક ક્ષણો સિવાય એમને પોતાને પણ લાગ્યું નહીં હોય કે હવે આ જગત્ માંથી પોતે ચીર વિદાય લઈ રહ્યા છે. બેફામે એક ગઝલમાં લખ્યું છે કે "મને તો શેં તારી જેમ આ દુનિયા ગમી નો'તી" અક્ષયનો મનોભાવ આવો ન હતો. એમને આ દુનિયા ગમતી હતી, જીવવાની હોંશ હતી. અનેક કાર્યો કરવાનાં બાકી છે એની એમને ચિન્તા હતી એટલે દુનિયા છોડી જવાની એમને જરા પણ ઊતાવળ ન હતી. આમ છતાં જે

વાસ્તવિક છે તેને સ્વીકારવું જ રહ્યું.

'પડકાર'નાં આ અંકમાં કેટલીક ચૂંટેલી અંજલિઓ અને અંગત આવિર્ભાવોને પ્રગટ કરી અક્ષયના જીવનની કેટલીક સ્વભાવગત અને સામાજિક વ્યક્તિ તરીકેની તેમની વિલક્ષણતાઓ ઉપસાવવાનો પ્રયાસ છે. પદલિત - વર્ગ પરત્વેની સંવેદનશીલતા, યુવાન વર્ગમાં અપૂર્વ શ્રધ્ધા, દરેક વ્યક્તિમાં રહેલી સુપ્ત શક્તિને બ્હાર આણવામાં સતત પ્રયત્નશીલ અને તેમની સંસિધ્ધીઓથી આનન્દ અનુભવે. કોઈપણ વિષયના અભ્યાસ. ઊંડાણભર્યા અને વ્યવસ્થિત વાંચન એ કાર્યકર પાસેથી એમની પહેલી શરત. એમની દૃઢ માન્યતા હતી કે જ્યાં સુધી સમાજના માળખાને - મૂલ્યવ્યવસ્થાને - અભ્યાસ દ્વારા સમજીએ નહીં ત્યાં સુધી આપણે સમાજ બદલવાનું કાર્ય પણ સફળતાથી નહીં કરી શકીએ. આથી જ અક્ષયનું વાંચન માત્ર, વિશાળ નહીં, પરંતુ વિવિધ વિષયોને પણ આવરી લેતું. ઈતિહાસ, સંસ્કૃતિ, અર્થશાસ્ત્ર, સાહિત્ય, પુરાતત્ત્વ, વિજ્ઞાન, તત્ત્વજ્ઞાન કે સંગીત એમ અનેક ક્ષેત્રોનાં પુસ્તકો વાંચે ઉપરાંત જે અત્યાધૂનિક વિચારસરણી કે વિચારક હોય, પછી તે સાર્ત્ર હોય કે ડેરીકા કે ફોકો અનુઆધુનિકવાદ હોય કે સંરચનાબાદ, ગાંધીવાદ કે માર્કસવાદ એ બધાંજ વિચારવલણોમાં રસ અને અભ્યાસ. કોઈ પણ ક્ષેત્રે નવું ખેડાણ થયું હોય તો તેનાથી પરિચિત થવા એ કાયમ પ્રયત્નશીલ મુંબઈના અમારા નાના ઘરમાં પુસ્તકો, માસિકો, અખબારો અને ચોપાનિયાઓ એટલાં બધાં કે માણસો માટે ભાગ્યે જ જગ્યા રહે! આ મુદ્દા ઉપર અમારી બન્ને વચ્ચે સતત વિવાદ થાય અને મારી વારંવાર ટોકને કારણે થોડાં પુસ્તકોનું મુંબઈના ઘરમાંથી વડોદરે સ્થળાંતર થાય પરંતુ થોડા જ દિવસોમાં એ ખાલી પડેલી જગ્યાઓ ભરાઈ જાય ! એકલે હાથે અક્ષય ઘણા મોરચાઓ સંભાળતા હોવાથી છાપાનાં કટીંગ કે ખૂણે ખાંચરે કોઈ સામાયિકમાં આવેલી નોંધ 'પ્રવાસી'ના લેખ માટે કે 'પડકાર' માટે ઉપયોગી સામગ્રી તરીકે સંગ્રહ કરી રાખે અને આમ છાપાંનો ઢગલો વધતો જાય.

મને બરાબર યાદ છે કે નવમી નવેમ્બરે રાત્રે, જાણીતા ગુજરાતી રંગભૂમીના અભિનેતા શ્રી લાલજી નંદાનો પુત્ર (હું ભૂલતી ન હોઉં તો ચંદ્રેશ) એક મોટો પોર્ટફોલીયો લઈને આવ્યો જેમાં શ્રી લાલજી નંદા વિશે હસ્તલિખીત નોંધ અને લખાણો હતાં. મેં અને સુધાબેને ટકોર પણ કરી કે તમે ક્યારે આ લખશો ? એમણે તરત જ જવાબ આપ્યો - "કંઈ નહીં, વાંચી તો જઈશ. કોઈક વાર લખાશે. શ્રી લાલજી નંદા જેવા અદાકાર માટે આપણે કંઈ કરી શકીએ તો સારૂં ને".

ગંભીર વાંચન અક્ષય ખૂબ એકાગ્રતાથી કરી શકે. એમને હળવું વાંચન કરવું હોય તો પણ Will Durant વાંચે કે પછી વૂડહાઉસ, આગાથા ક્રીસ્ટીના પહેલાં ૨૦ પાનામાં ટકે તો પછી પૂરી કરે - નહીં તો પછી પેરી મેસન અને મહેશ મસ્ત ફકીરને પણ માણે. છેલ્લા બે વર્ષથી ટીવીના કાર્યક્રમો આવવા માંડ્યા પછી, દિવસના લગભગ દોઢેક કલાક અમારો બન્નેનો સમય એ કાર્યક્રમો જોવામાં જતો. સમાચાર જોઈએ, સંજીવકુમાર કે અમિતાભની ફીલ્મ જોઈએ, ઝાકીર હુસેન, રવીશંકર કે અમજદખાનના સંગીતને માણીએ અને કોકવાર જો સારો વિષય હોય તો ડેનાહુ કે ઓપ્રરા વીન ફ્રેનાં shows જોઈએ. છેલ્લે વડોદરામાં દર રવિવારે રાત્રે શક્ય હોય ત્યાં સુધી 'સાત પગલાં આકાશમાં' નાં ત્રણ ચાર એપીસોડ પણ અમે આનન્દથી જોયા. મનોરંજન માટે કે આરામની પળો માટે, મારા ભત્રીજાઓ કહે છે તેમ, અક્ષયને ચલચિત્રો જોવાના ગમે, પરંતુ ભારેખમ, નવી તરાહની ફીલ્મો કરતાં જૂની, કથાનકકેન્દ્રિત અથવા બોલીવુડની કોઈક સંવેદનશીલ વિષય ઉપરની ફીલ્મ જોવાનું વધારે પસંદ કરે.

નારીવાદની અસર હેઠળ તેમજ પોતાનું કામ પોતે કરી લેવું અથવા ભારરૂપ ન બનવું એવી ભાવનાથી એમની પ્રમાણિક ઈચ્છા રહેતી કે તેઓ મને ઘરકામમાં મદદ કરે. ચ્હા બનાવવા માટે, કે રસોઈ શીખવા માટે કે પછી વેક્યુમ ક્લીનરથી ઘર સાફ કરવાની તત્પરતા દાખવે, પરંતુ ટેવના અભાવે તેમજ અમારા ઘરમાં મદદનીશોની છૂટ હોવાથી એમની ઈચ્છા પરીપૂર્ણ ન થતી. મને અંદેશો છે કે એનાથી એમને કોઈ રંજ ન હતો !

મારા પિયરપક્ષમાં અક્ષયનું ખૂબજ માન - તેમજ વ્હાલ. મારી બેનો અને ભાઈ તો વારંવાર કહે છે "અક્ષુભાઈ અમારા બનેવી નથી, પરંતુ વડીલ છે - પિતાતૂલ્ય છે." આમ છતાં વડીલોની સાથે જે સંકોચ કે અંતરનો અનુભવ થતો હોય છે તેવી ભાવના એ બધાંએ કદી અનુભવી નથી. મારા ભાણેજ ભત્રીજાઓ, તેમની પત્નિઓ એ કે ભાભીઓએ પણ એટલીજ નીકટતા અનુભવી છે. અક્ષય અંગેની પહેલી શોકસભા મુંબઈમાં ભરાઈ ત્યાંથી હાજરી આપીને આવેલાં ભત્રીજા-ભત્રીજી ખૂબ લાગણી વિભોર બની ગયાં હતાં ! અને સતત કહે કે અમને તો ખ્યાલજ નો'તો આવતો કે અક્ષુફુઆ ક્યારે આ બધું લખતા હતા ! એ જ ભત્રીજાની એક રમૂજભરી વાત યાદ આવે છે. મારો ભત્રીજો મોટર ચલાવે, અને મારા ભાઈના ઘરમાં આવન જાવન પુષ્કળ એટલે કોઈને લેવા જવાનું કે મૂકવા જવાનું કામ અધરાત્રે કે વ્હેલી સવારે તેણે જ કરવાનું. અમે એક રાત્રે મારા ભાઈને ઘેર રહ્યાં હતાં. અક્ષય તો સવારે સાડા ત્રણ ચાર વાગે ઊઠી જાય! એટલે વ્હેલા ઉઠાડવાનું હોય તો એમને જ અલાર્મ ગણે. મહા મહેનતે ઉઠેલો ભત્રીજો આંખો ચોળતો ચ્હાના ઘૂંટડા ભરતો હતો, ત્યારે એકદમ એને કહે કે આપણા બંધારણમાં ધર્મ અંગેની વ્યાખ્યા શું છે - સીરવાઈનું પુસ્તક આ અંગે કેવું છે વિ. આજે પણ આ પ્રસંગ બધાંજ ખૂબ આનન્દની લાગણીથી યાદ કરે છે. મારા

વૃધ્ધ મા જ્યારે અમારે ઘેર રહેવા આવ્યાં ત્યારે એમની જોડે રમી રમવાની હોય કે પછી એમને દેવી મહાત્મ્ય વાંચી સંભળાવવું હોય તો એમને જરાય ભારરૂપ કે બીન બૌધ્ધિક ન લાગતું !

મારી એક સહકાર્યકર્તાએ એક બાબત પરત્વે ટકોર કરી. એ કહે કે અક્ષયભાઈ આટલું બધું કરી શક્યા કારણ કે તમારો સાથ હતો - એ કેમ કોઈ કહેતું નથી ! એક દૃષ્ટિએ જોઈએ તો આ ઘણું જ સાચું નિરીક્ષણ છે. જાહેર જીવનમાં પડેલી વ્યક્તિ ઘરના માનવીઓ પરત્વે બેદરકાર રહે છે, અથવા અજાણતા ભારરૂપ બનવાના અનેક ઉદાહરણો આપણી સમક્ષ છે. હું જો એમ જણાવું કે આવી કોઈ પરિસ્થિતિ અમારી બે વચ્ચે આવી જ ન હતી કે કોઈ મતભેદ હતા નહીં તો એ જાતને છેતરવા જેવી વાત થાય. અક્ષયનો પોતાનો સ્વભાવ બીજાને ભારરૂપ ન થવાનો કે કામનો બોજો બીજા ઉપર લાદવાનો ન હોવાથી અમે સમાધાનપૂર્વક જીવન જીવી શક્યાં ! મેં ઘણીવાર કહ્યું છે કે અમારા સ્વભાવભેદને કારણે અમે એક એવી સમજણરેખા ઊભી કરી હતી કે બને ત્યાંસુધી એક બીજાની શૈલીમાં ડખલગીરી કર્યા વગર, એક બીજાને વધુમાં વધુ પૂરક થવાય એ રીતે પોત પોતાનું જીવન વિકસાવવું. આથી કેટલીક જવાબદારી હું ઉઠાવતી તો કેટલીક અક્ષય ઉઠાવતા. અક્ષયનું દૃઢ વલણ હતું કે કન્યાદાન અપાતા લગ્નમાં હાજરી ન આપવી. મારી દૃષ્ટિએ લગ્નપ્રસંગ એ સામાજિક સંબંધની જાળવણી છે, એટલે મિત્રોનાં કે અંગત સગાંઓના લગ્ન સમારોહમાં હું હાજરી આપતી અને આનો એમને કોઈ વિરોધ ન હતો. એક નાની સરખીવાત છે. મને ચ્હા ખૂબ ગમે. Any time is a tea time. અક્ષયે લગભગ વીસ વર્ષે ચ્હા - અસહકારના જમાનાથી છોડી દીધી હતી - મારા પ્રવેશ પછી શરૂ કરી. એમને એમાં કંઈ ભાવવા જેવું ન લાગે. તો પણ મને કંપની આપવા એક રકાબીમાં પણ ભાગ પડાવે.

અમારા પુત્ર મિહિર અને અક્ષય વચ્ચે બે પેઢીનું અંતર. આમેય પિતા પુત્રનો સંબંધ સાવ સંકોચવિહીન ભાગ્યે જ હોય છે. મિહિર અને અક્ષયનો સંબંધ ધીમે ધીમે, જેમ જેમ રાજકીય વિચારોની સમાનતા વધતી ગઈ તેમ તેમ ગાઢ બનતો ગયો. મિહિર વધારે ટીકાત્મક રીતે સાંપ્રત પરિસ્થિતિને નાણે એટલે સોવીએટ યુનીયન કે સામ્યવાદની ગતી વિધી અંગે વાદવિવાદ ઉગ્રતા પણ ધારણ કરે, છતાં છેવટે બન્ને જણ શાંત પડે અને કોઈક ઠોસ આયોજન ઉપર આવે. મિહિર વકીલાત કરે, ગરીબ-શોષિત અસીલની તરફદારી કરે તે એમને ગમતી વાત છતાં પણ એમાં બહુ સમય ન ગાળે, અને લખાણ તરફ વળે એવી તીવ્ર ઝંખના. મિહિરનો કોઈ લેખ આવે કે પરિસંવાદમાં ભાગ લે ત્યારે અત્યંત આનન્દની લાગણી અનુભવે. પોતાના દીકરાને બનાવવાની ક્યારેય careerist એમની ખેવના હતી નહીં.

સુધાબેન એમનાથી લગભગ અગીયાર વર્ષે નાનાં એટલે ઘણી વાર કહે કે "મારા બે મિહિર છે એક મોટો અને એક નાનો." સુધાબેનની પણ ભાઈ પરત્વેની અપ્રતીમ પ્રીતિ. 'કૈલાસ' આખોયે એમના અખતારાઓ માટેનું સ્થળ. ત્યાં લાયબ્રેરી પણ ખરી, પડકારનાં અંકો મોકલવાનું કામ પણ ત્યાંથી જ થાય, ત્યાં શેરી નાટકની પ્રેક્ટીસ પણ થાય અને દોઢસો બસો સહભાગીઓનો પરિસંવાદ પણ યોજાય ! સુધાબેને આ બધીજ પ્રવૃત્તિઓમાં ઉલટભેર સહકાર આપ્યો ત્યારે જ આ બધાં કાર્યો થઈ શક્યાં એમ કહેવું એ અતિશયોક્તિ નથી.

અક્ષયની જીવનશૈલી માન્યતા અને વ્યવહારિક જીવનને એકરૂપ બનાવવા માટે અખતરારૂપ હતી. આ બન્ને વચ્ચે જેટલો સુમેળ સાધી શકાય તેટલો પ્રયત્ન કર્યો. 'અજાતશત્રુ' તો તેઓ ન હતા - વિચારસરણીના ભેદને લીધે કેટલીક વ્યક્તિઓ એવી હતી કે જેઓને અક્ષય ન ગમે. કેટલાકને એમનો અતિશય સંવેદનશીલ અને વિસ્તૃત ચાહકવર્ગ પણ કઠતો હશે. જીવનનાં છેલ્લાં વર્ષોમાં કેટલાક નીકટના મિત્રો જેની જોડે વિચારભેદને કારણે અંતર હતું તે દૂર થયું હતું - જ્યારે કેટલાક જોડે અંતર વધી ગયું - આમ છતાં એમનો સતત પ્રયત્ન ખેલદીલીપૂર્વક મનમાં કોઈ પણ પ્રકારની ગાંઠ રાખ્યા વગર યોગ્ય લાગ્યો તેવો વ્યવહાર રાખ્યો છે. - સહકારનો હાથ લંબાવ્યો જ છે - અક્ષયે જીવનના આઠ દાયકાઓ સભરતાથી, સંનિષ્ટાથી, પ્રતિબધ્ધતાથી અને સંવેદનશીલતાથી ગાળ્યાં અને ભાવી પેઢીને માટે વાંચન રૂપે, જીવનશૈલી રૂપે અને નિષ્ઠાના સ્વરૂપે ભાથુ મૂકી ગયા છે.

વીલ્ફ્રેડ, ધનંજય ગૌતમ, અર્ચના ગૌતમ, રોહિત પ્રજાપતિ જેવા અંગત સાથીદારો 'પડકાર' તેમજ અન્ય પ્રકાશનો સાથે સંકળાયેલા હતા. આ તથા અન્ય સાથીદારોએ 'પડકાર'ને ચાલુ રાખવાનું સાહસ ખેડવાનો નિર્ણય કર્યો છે. એ સૌ ને હું આવકારું છું અને આશા રાખું છું કે આ પ્રવૃત્તિમાં જનતાનો સાથ મળે અને વિકાસ થાય.

- નીરા દેસાઈ.

When so much of sociology today is ahistorical and anti-historical, Prof. Desai remarkably managed to combine the best of both disciplines. The fact that he remained active, both intellectually and in other ways right up to the end of his life is indeed outstanding.

Historian Sumeet Sarkar. (Ind. Exp. 13.11.94)

## સ્મરણને હીંચકે .....

અક્ષુભાઈને મળવાનું થયું તે પૂર્વે તેમની ડાબેરી, સમાજશાસ્ત્રી અને લેખક-વિદ્વાન તરીકેની કારકિર્દી પણ જાણેલી જ. રમણલાલ વસંતલાલ દેસાઈના પુત્ર તરીકેની જાણ થતાં થોડો વિનાકારણ અહોભાવ પણ ઉમેરાતો. પરંતુ અક્ષુભાઈ બિલકુલ નિરાડંબરી અને સહજ માણસ. પ્રગતિશીલ ડાબેરી વિચારવંતોમાં આદરણીય નામ. આપણે મળીએ તો એક માનવીય ઉષ્માનો અનુભવ થાય.

વારંવાર મળવાનું બન્યું છે. શિબિરો-સેમિનારો-સભાઓને નિમિત્તે અને તેની આસપાસના સમયમાં નિરાંતે. એમનો અવાજ થોડો તરડાયેલો એટલે શ્રોતા તરીકે કર્ણપ્રિય અવાજ ન લાગે. બોલતાં બોલતાં વારેવારે દાંતના ચોકઠા પર હાથ લઈ જવાની એમની ટેવ. એકાદ પોર્ટફોલિયા જેવુ કંઈક સાથે હોય જેમાં લેખો-કતરણોનો મસાલો ભરેલો હોય.

વડોદરાના તેમના કુટુંબના ઘરમાં રમણભાઈ બેસતા તે હીંચકે બેસીને પણ ઘણી વાતો કરી છે. પણ આજે યાદ આવે છે એક પ્રસંગ જે મેં તેમના મૃત્યુ બાદ જાણ્યો હતો.

આર. આર. શેઠની પ્રકાશન કંપનીમાં ક્રાઈસીસ ઊભી થયેલી. ભાગીદારો જુદા થયેલા. પૈસાની તાણ અને બધું ગોઠવવાની ચિંતા. અક્ષુભાઈએ આજના ભગતભાઈને સ્હેજે ચિંતા ન કરવા આશ્વાસન આપેલું. રસ્તો એ કાઢેલો કે ર. વ. દેસાઈનાં પુસ્તકો રોયલ્ટીની રકમની ચૂકવણીની ચિંતા વિના પ્રગટ કરવાં. વળી, સમાજવિજ્ઞાનમાળા નામની શ્રેણી પણ અક્ષુભાઈ-નીરાબહેને આયોજિત કરી અને તેમાં પણ પુસ્તકો પ્રગટ થવા માંડ્યા. પ્રકાશન પેઢી પગભર બની ગઈ અને આજે નંબર વન છે.

'પડકાર' માં પ્રગતિશીલ વિચારો-લડતો-સંઘર્ષોના લેખો શોધી શોધીને મૂકવાનો તેમનો પ્રશસ્ય પ્રયાસ એ પણ એક સંભારણું જ બની રહેશે.

-ડંકેશ ઓઝા, ગાંધીનગર.

> Prof. Desai was an exceptionally generous and warm hearted person. He was a Marxist having very strong views on the contradictions and class structure of Indian society. His studies on the social background of Indian nationalism and the agrarian structure of Indian society are considered landmarks for students of social sciences.
>
> - Prof. Andre Beteille
> Delhi School of Economics
> (Indian Express 13.11.94)

## અક્ષુભાઈ : શોષિત-પીડિતોના ક્રાંતિકારી બિરાદર

ભારતના ઈતિહાસ અને સમાજમાં ઐતિહાસિક ભૌતિકવાદી પધ્ધતિનો સૌ પ્રથમ વ્યાપક ઉપયોગ કરનાર એક આગળ પડતા સમાજશાસ્ત્રી પ્રો. એ. આર. દેસાઈ હવે આપણી વચ્ચે નથી. ૧૯૪૦ થી છેક નવેંબર ૧૨, ૧૯૯૪ સુધી, શ્રમજીવી વર્ગના શોષણ અને જૂલમોનાં ખંધા અને દેખીતાં જ અનેક રૂપો અખત્યાર કરનાર શાસક વર્ગને સતત રીતે એમણે ખુલ્લો કરી બતાવ્યો છે. જીવનના અંત સુધી તેઓ શ્રમજીવીઓ વ્યવસ્થિત થઈ સત્તા ખૂંચવી લેશે (સમાજવાદી ક્રાંતિ) એવી શ્રધ્ધા રાખતા હતા. સમાનતા અને ન્યાય આધારિત માનવસમાજ ઊભો કરવાની શ્રમજીવીની શક્તિ વિષે એ હંમેશા આશાવાદી હતા.

૧૬મી એપ્રીલ, ૧૯૧૫માં મધ્ય ગુજરાતમાં તેઓએ અતિ વિખ્યાત બ્રાહ્મણ(નાગર) કુટુંબમાં જન્મ લીધો હતો, પરંતુ અક્ષુભાઈએ પોતાની ઓળખ હંમેશા દલિતો, કામદારો, આદિવાસીઓ, મહિલાઓ અને કચડાયેલા વર્ગ સાથે રાખી હતી. કિસાનસભા અને ભારતીય સામ્યવાદી પક્ષ (સીપીઆઈ) સાથે સક્રિય રીતે સંકળાયા બાદ અમલદારશાહી કાર્યપધ્ધતિને કારણે એમને ગૂંગળામણ થવા લાગી અને અંતે ૧૯૩૯માં, નાઝી લશ્કરે સોવિયેત યુનિયન ઉપર આક્રમણ કર્યું ત્યારે બ્રિટિશરોને ટેકો આપવાની પક્ષની નીતિનો વિરોધ કરી, એમણે પક્ષનો ત્યાગ કર્યો.

લિયો ટ્રોટ્સ્કીના "ધી હિસ્ટ્રી ઓફ રશિયન રિવોલ્યુશન" (૧૯૩૨) અને 'રિવોલ્યુશન બિટ્રેડ (૧૯૩૨)' પુસ્તકો વાંચ્યા બાદ તેઓ ટ્રોટ્સ્કીવાદી બન્યા. પોતાના રાજકીય પથદર્શક એવા શ્રી સી.જી.શાહ સાથે તેઓ મજદૂર સંગઠનો અને માર્કસવાદી રાજકીય કામગીરીમાં સક્રિય બન્યા. મૃત્યુપર્યન્ત, સાહિત્યના પ્રકાશનો કરીને તેમજ કામદારો માટેની અભ્યાસશિબિરો યોજીને ટ્રોટ્સ્કીવાદી ઈન્કલાબી સામ્યવાદી સંગઠન (ચોથી આંતરરાષ્ટ્રીય પરિષદનો ભારતીય વિભાગ) સાથે સતત જોડાયેલા રહ્યા.

બિરાદરો જેમને અક્ષુભાઈ તરીકે પ્રેમથી બોલાવતા હતા તે અક્ષયકુમાર ર. દેસાઈએ એમની શૈક્ષણિક કારકીર્દિ ૧૯૪૬માં ડૉ. આંબેડકર સ્થાપિત સિધ્ધાર્થ કોલેજથી શરૂ કરી હતી. ત્યાર બાદ મુંબઈ યુનિવર્સિટીના સમાજશાસ્ત્ર વિભાગમાં તેઓ જોડાયા. ૧૯૪૮માં એમનો પી.એચ.ડી. માટેનો મહાનિબંધ 'સોશ્યલ બેકગ્રાઉન્ડ ઑફ ઈન્ડિયન નેશનાલીઝમ' (ભારતીય રાષ્ટ્રવાદની સામાજિક પાર્શ્વભૂમિ) પ્રકાશિત થયો. બ્રિટિશ સમય દરમિયાન ભારતીય સમાજ અને ઈતિહાસમાં રહેલાં

વિવિધ પરિબળોને સમજવાની એક કેડી આ મહાનિબંધે દેખાડી. માર્ક્સવાદી ઇતિહાસલેખન હજી શૈશવકાળમાં હતું અને તેથી ઇતિહાસમાંથી કશું જ મળે એમ ન હતું. તેવે સમયે એક વિસ્મયકારક સફળતાપૂર્વક અક્ષુભાઈએ વણખેડાયેલો માર્ગ દર્શાવ્યો. આ એક વિશાળ પ્રવૃત્તિની દસ આવૃત્તિઓ બહાર પડી ચુકી છે. તેમજ અનેક ભારતીય ભાષાઓમાં પ્રકાશિત થઈ છે. આ પુસ્તક ઇતિહાસ, સમાજશાસ્ત્ર તથા રાજ્યશાસ્ત્રના અભ્યાસ માટે એક મહત્વનું સંદર્ભપુસ્તક બની ગયું છે. આ અભ્યાસને કારણે આઝાદી પછીના ભારતને સમજવા માટેનું એક ભૌતિકવાદી ચોકઠું એમને મળી ગયું. ૧૯૭૬ની આવૃત્તિની પ્રસ્તાવનામાં એમણે લખ્યું હતું :

'ભારતની નેતાગીરીએ અંગ્રેજ શાસકો સાથે સોદાબાજી કરીને ભારતને આઝાદી અપાવી હતી, અને તે પણ કોમવાદી ગણતરીથી ભારતના ભાગલા પાડીને. સત્તા મૂડીવાદી વર્ગના હાથમાં પહોંચી ગઈ તેમ જ મિશ્ર આર્થિક વ્યવસ્થાવાળા આયોજન પર આધારિત મૂડીવાદી આર્થિક ધરી ઊભી કરવામાં આવી. છેલ્લા ૨૫ યુધ્ધોત્તર વર્ષોએ સાચી રીતે જ પૂરવાર કર્યું છે કે આ માર્ગ કદી પ્રજાના પાયાગત પ્રશ્નો ઉકેલી નહિ શકે.'

દલિતો અને મહિલાઓના પ્રશ્નો તપાસવામાં પણ અક્ષુભાઇ જ પ્રથમ હતા. જ્ઞાતિપ્રથા અથવા અસ્પૃશ્યતાને એમણે માત્ર એક રચના કે સામંતશાહી અવશેષો તરીકે ન જોયાં, પરંતુ એના સામાજિક સંદર્ભમાં (અંતર્લગ્નપ્રથા) તેમજ ફેરફાર પામતા ઉત્પાદન સંબંધોની લાક્ષણિકતાની દ્રષ્ટિએ પણ એનું વિશ્લેષણ કર્યું. 'બ્રિટીશ ભારતમાં અજાણ્યા એવા એક નવા વિસ્મયકારક પરિબળ' તરીકે એમણે શ્રમજીવી મહિલાઓના રાજકીય આંદોલનમાં થયેલા પ્રવેશને સમજાવ્યો. વળી આ ઘટનાને એમણે 'રાષ્ટ્રીય અને વૈયક્તિક આઝાદી માટેની રાષ્ટ્રીયભાવના તેમજ લોકશાહી માંગણીઓના વિકાસની વ્યાપકતા' તરીકે ઓળખાવી.

એમનાં પ્રકાશિત થયેલાં પુસ્તકોની યાદીથી એમણે ખેડેલા વિશાળ ક્ષેત્રનો કંઇક ખ્યાલ આવશે. રાષ્ટ્રવાદથી ગ્રામ્યસમાજશાસ્ત્ર, શહેરીકરણ, અલ્પવિકાસ, વિકાસશીલ માર્ગ, મજૂર આંદોલનો, કુટુંબનિયોજન, કિસાન સંઘર્ષો, માનવ અધિકાર અને ધર્મ. માનવઅધિકારો વિષેના એમના ત્રણ ભાગોમાં, સમગ્ર દેશમાં દલિત વર્ગોએ પોતાના અધિકારો માટે કરેલા સંઘર્ષો તેમજ માનવ અધિકાર માટેના આંદોલનોનું સુંદર વિશ્લેષણ કર્યું છે. શાસકવર્ગ તેમજ ભારતીય રાજ્યે ઓઢેલો લોકશાહી ન્યાયનો અંચળો એમણે નિર્ભયતાથી ચીરી નાખ્યો છે.

ભારતીય રાજ્ય અને વિકાસશીલ માર્ગ ઉપરનાં એમનાં લખાણોમાં (૧૯૭૫ અને ૧૯૮૪) ભારત સરકાર દ્વારા અમલમાં મુકાતો વિકાસનો નકશો કેટલો બધો મૂડીવાદી છે એ સ્પષ્ટ રીતે દર્શાવ્યું છે. 'ગરીબી હટાવો' અને વિકાસ માટેના શાસકવર્ગના અનેક બણગાંઓ છતાં માત્ર મૂડીવાદીઓને જ લાભ મળ્યા છે અને શોષિત વર્ગના ઉગતા સંઘર્ષોને કચડી નાખવામાં આવ્યા છે. "દેશના પછાતપણાને મારી હટાવી શકે એવું પ્રોત્સાહન રાષ્ટ્રની અમલદારશાહીએ કદી આપ્યું નથી અને આપી શકે પણ નહિ. ભારતની અમલદારશાહી આ કરી શકે એમ જ નથી એ હવે અનુભવસિદ્ધ વાત થઇ ગઇ છે." ગેટ, ડંકલ, આંતરરાષ્ટ્રીય નાંણાભંડોળ, વિશ્વબેંક તથા બહુરાષ્ટ્રીય સંસ્થાઓ પ્રત્યે આકર્ષાઇને વિકાસ કરવા માંગતો તેમજ કલ્યાણ રાજ્યની કલ્પનાને ફેંકી દેતો શાસક વર્ગ અને તેની અમલદારશાહીનું વિશ્લેષણ કરવાનું કાર્ય અક્ષુભાઇએ હાથ પર લીધું હતું. ઉદારીકરણ તથા નવી આર્થિકનીતિ સામે સંઘર્ષ કરવા માટે શ્રમજીવી વર્ગને સાહિત્ય પુરું પાડવાનું કાર્ય અત્યંત મહત્વનું છે એમ તેઓ મક્કમ પણે માનતા હતા અને તેથી જ પૃથક્કરણ ઉપર તેઓ ખૂબ ભાર મૂકવા માંગતા હતા. સમાજવાદી ક્રાંતિ આગળ લઇ જવા માટે કામદારવર્ગ પાસે એક વિકલ્પ ઊભો કરવા માંગતા હતા. જ્યારે મુખ્ય પ્રવાહના માર્ક્સવાદીઓ વૈશ્વિક મૂડીવાદ (સામ્રાજ્યવાદીઓ?)ને ભેટવા માટે પોતાની ખાતરીઓના ઢગલા કરવામાં પ્રવૃત્ત છે, ત્યારે અક્ષુભાઇના આશાવાદે દલિતોના સંઘર્ષો સાથે સંકળાયેલાઓને હિંમત અને ઉત્સાહ પૂરાં પાડ્યાં છે.

એમના છેલ્લા દિવસો દરમિયાન બિનસાંપ્રદાયિકતા સમજવા માટે તેઓ ભારતનું બંધારણ ફરી વાંચી રહ્યા હતા. એમણે આઘાત દર્શાવતાં જણાવ્યું કે ધાર્મિક કાયદાઓ, લઘુમતિ સંસ્થાઓ ઇત્યાદી વિશે બંધારણે ખૂબ લંબાણપૂર્વક ચર્ચા કરી છે જ્યારે ધર્મની વ્યાખ્યાનું નામનિશાન નથી! "શું રાજકારણીઓ, અમલદારો કે ન્યાયાધિશ માટે અર્થઘટન કરવાનું છોડી દીધું હશે?" એમને આશ્ચર્ય થયું છે. પ્રચાર અને શિક્ષણ દ્વારા 'ખંધાઇ અને ચોક્કસાઇ'થી હિન્દુધર્મને રાજ્ય જે રીતે પોષે છે તે પ્રત્યે એમણે પોતાની નફરત દર્શાવી છે. લગભગ સાત દાયકોઓના ઇતિહાસના અવલોકન બાદ, કોમવાદ વિષેની ચર્ચા દરમિયાન માત્ર ભા.જ.પ.ને જ કેમ અલગ તારવામાં આવે છે તેનું પણ એમણે આશ્ચર્ય વ્યક્ત કર્યું છે. ઓછે વત્તે અંશે કોંગ્રેસે પણ વધુ સિફતથી કોમવાદને પોષીને ઉપયોગમાં લીધો છે અને બિનસાંપ્રદાયિકતાનું સતત અપમાન કર્યું છે.

એક વિદ્વાન તરીકે તેઓ બીજા કરતાં નોંધપાત્ર રીતે અલગ પડી જાય છે. તેઓના પગ હંમેશા ધરતી પર જડાયેલા રહેતા અને છેક તળિયાની પ્રવૃતિમાં સંકળાયેલા રહેતા. અત્યંત ખ્યાતનામ હોવા છતાં તમામને એ એક મિત્ર તરીકે બિરાદર તરીકે સરળતાથી મળતા. પાયાના

ટ્રોટ્સ્કીવાદી માળખામાં એ માનતા હોવા છતાં એઓ ભાગલાવાદથી દૂર રહ્યા અને કોઈ પણ પ્રકારના દલિતોનાં આંદોલન માટે ઝૂંબેશ ઉપાડી લેતા. ગુજરાતના શ્રમજીવીઓ સુધી પહોંચવા માટે તેઓ ગુજરાતમાં નિયમિત રીતે પુસ્તકોનું પ્રકાશન કરતા. વડોદરામાં એમણે સી.જી.શાહ મેમોરિયલ ટ્રસ્ટ અને ડોક્યુમેન્ટેશન સેન્ટર શરૂ કર્યુ જેથી લોકપ્રિય સાહિત્ય સામગ્રી સક્રિય કાર્યકરોને મળતી રહે. છેલ્લે છેલ્લે 'પડકાર' નામનું એક ગુજરાતી દ્વિમાસિકનું સંપાદન કાર્ય પણ કરતા હતા.

અક્ષયકુમાર દેસાઇનો ભવ્ય ફાળો તેમજ તેમની જીવનશૈલી તમામ બૌધ્ધિકો માટે એક દિવાદાંડી સમાન છે. માત્ર આરામ ખુરશીમાં બેસી ન રહેતાં ગરીબો માટે કાર્ય કરવા કટિબદ્ધ થાઓ, શોષિતો અને દલિતોને સામાજિક પરિબળો સમજાવવા પ્રયત્ન કરો અને કાર્ય માટે વ્યૂહ શોધી કાઢો તેમજ માનવસમાજ માટેનું આંદોલન ઓળખી કાઢો, અથવા તો- તમે કદાચ અદ્ભૂત સંશોધન કરતા હશો, જેનો ઉપયોગ માત્ર શાસક વર્ગ વધુ શોષણ અને જૂલમ માટે કર્યા કરશે.

- વીલ્ફ્રેડ

( મૂળ અંગ્રેજીનું પાઠાંતર)

## A Message

The sudden demise of Prof. A.R.Desai, an illustrious social scientist who remained till the very last breath true to his interventionist conception of his calling as a scholar, has created for many segments of Indian life a void that will be hard to fill. For us at the Centre for Social Studies his passing away is not only an irreparable academic loss but also a personal bereavement in that he was always a member of our family.

We extend our heartfelt condolences to Akshubhai's immediate family and join them in hoping that the great work he has left unfinished will be carried on, in its various dimensions, by those in whom he lives on through his pioneering researches and inspiring personal example.

- Center For Social Studies, Surat.

## અક્ષુભાઈ સાથેનો સાક્ષાત્કાર

જો ભૂલ ન થતી હોય તો ૧૯૮૫ના કોમી અસ્વસ્થતાના દિવસોમાં 'હૈદ્રાબાદ એકતા'ના પગલે પગલે અચ્યુત યાજ્ઞિક અને મિત્રોએ અમદાવાદ એકતાના બેનર હેઠળ ગુજરાતના વિચારશીલો અને કર્મશીલોની એક બેઠક પ્રેમળ જ્યોતિ ખંડમાં બોલાવી હતી. એ બેઠકમાં રાજ્ય નાણા પંચના હાલના અધ્યક્ષશ્રી જશવંત મહેતાથી માંડી શ્રી ગિરીશ પટેલ સુધીના સઘળા કર્મશીલો અને વિચારવંતોએ ભાગ લીધેલો. ડૉ. અક્ષયકુમાર ર. દેસાઈ પણ આ બેઠકમાં હાજર હતા.

બેઠકની સમાપ્તિ પછી થોડાક મિત્રો ચાની ચુસ્કી સાથે, અનૌપચારીક વાતો કરતા બેઠા હતા. ગુજરાત અને ખાસ કરીને અમદાવાદમાં સમાજના કહેવાતા મુખ્ય પ્રવાહના મોભી એવા અગ્રવર્ગમાં જે નિભરતા પ્રદર્શીત થતી હતી તેની વાત ચાલતી હતી. તે સમયે ટાપસી પૂરતા મેં કહ્યું કે "આપણું સદ્ભાગ્ય છે કે આજે આટલી સંખ્યામા આપણે ભેગા તો થયા". અક્ષુભાઈએ, ડૉ. અક્ષયકુમાર એમના વર્તુળમાં અક્ષુભાઈથી જ ઓળખાતા હતા તેમણે તરત મને ટપાર્યો : "ભાઈ, સદ્ભાગ્ય શબ્દ આપણાથી ન વપરાય". હું છેલ્લા થોડા વરસોથી વૃથા ગૌરવ જાત પ્રત્યે, અનુભવતો હતો કે હું રેશનાલિસ્ટ છું. અક્ષુભાઈના આ શબ્દ સાંભળી મારૂં મિથ્યાભિમાન મિટ્ટીપલીત થઈ ગયું. મેં કાનની બુટ પકડી. આ મારા માટે અક્ષયકુમાર ર. દેસાઈનો સાક્ષાત્કાર હતો. આ માણસે પોતાની રગેરગમાં રેશનાલિઝમ કેટલું ઉતાર્યું હતું કે 'ભાગ્ય શબ્દ' પણ તેમને ભાષામાં ખૂંચે ! હજુ આજે પણ મારી બોલચાલમાંથી આવા શબ્દો નામશેષ કરવા માટે સતત સજાગ રહેવું પડે છે અને આ સભાનતા અક્ષુભાઈનો સાક્ષાત્કાર ના થયો હોત તો મેં કેળવી ના હોત. પણ હું તો હજુ આ રસ્તે મથામણ જ કરૂં છું. એમણે તો શીખરો સર કર્યાં હતાં.

વાતો આગળ ચાલતી રહી પછી એક તબક્કે રેશનાલિસ્ટ અને સેક્યુલારીસ્ટ અણુવર્ગની વાત કરતા અક્ષુભાઈએ નોંધ્યું કે "હવે દિવસો એવા આવશે, આપણા માટે, કે આપણા સંતાનો માટે આપણને આપણા વાતાવરણમાં અનુકૂળ બને તેવું પાત્ર નહીં મળે. અરે, આપણા સંતાનોને કોઈ દીકરો કે દીકરી આપવા તૈયાર નહીં થાય". આ એમની ખુમારી હતી, આ એમની તૈયારી હતી.

રમણલાલ વસંતલાલ દેસાઈના આ પનોતા પુત્રએ પોતાના પિતાનો ડાબેરી વિચારનો વારસો આજીવન ચરિતાર્થ કર્યો હતો.

ગુજરાત કુનેહબાજ વેપારીઓનો પ્રદેશ છે એમાં એનું ઉત્તમ જવલ્લે જ વિચારના પ્રદેશમાં પ્રકટે છે. અક્ષુભાઈ આવા એક વિરલ અપવાદ હતા. પુસ્તક જ્યાં પસ્તી ગણાય છે તે ગરવી ગુજરાતમાં ભલે

અક્ષુભાઈના પ્રશંસકો ઓછા હોય પણ રાષ્ટ્રીય કક્ષાએ Peasant Revolts ઉપર તેમણે અંગ્રેજીમાં પ્રસિધ્ધ કરેલ પુસ્તક ઉત્તમ અને ઈતિહાસના ક્ષેત્રે નવી કેડી કંડારતું પુસ્તક ગણાય છે. હજુ ગઈ કાલ સુધી ગાંધીની ગુજરાતનુ ઉત્તમ બુધ્ધિ ધન એ સ્વીકારવા તૈયાર નહોતું કે ગાંધીપ્રણિત અસહકાર સિવાય ભારતમાં કોઈ મોટી ચળવળો ગ્રામ વર્ગને એટલે કે ભારતના ગ્રામરૂટને આંદોલિત કરી શકી હોય.

અક્ષુભાઈએ આ ભ્રમ વરસો પહેલાં આ પુસ્તક દ્વારા ભાંગ્યો હતો. પણ તમે પુછજો કોઈ એકેડેમીકને કે ગાંધી પહેલાં કોઈ મોટી લોકચળવળવળો આ દેશમાં થઈ હતી ? આજે પણ આ વિદ્વાનો આ સ્વીકારવા તૈયાર નથી ! આવા કેટલાય અક્ષુભાઈઓ ગુજરાતનું આ વિચાર દારિદ્રય દૂર કરવા જરૂરી છે ? ન જાને.

પણ અક્ષુભાઈ આ જાણતા હતા અને તેથી 'પડકાર' સામયિક દ્વારા આ ભગીરથ પ્રયત્ન તેઓ છેલ્લાં બાર વરસથી અવિરત કરતા હતા. એમણે સંપાદિત કરેલો કદાચ છેલ્લો 'સપ્ટે.-ઓક્ટો-૯૪' નો અંક હજુ નવેમ્બરના બીજા અઠવાડિયામાં આપણને મળ્યો છે. 'પડકારના' 'સંપાદનની કલમે'માં એમણે વરસો સુધી ગુજરાતને શિક્ષિત કરવા સાંપ્રત પ્રશ્નોની અવિરત અને અથાક ચર્ચા કરી છે. આપણે ઈચ્છીએ કે એમના આ સાહિત્યમાંથી ચયન કરીને એક લેખ-સંગ્રહ આપણને જલ્દી મળે અને વંચાય.

આવું જ સરસ કામ તેમણે સી.જી. શાહ મેમોરીયલ ટ્રસ્ટ ડોકયુમેન્ટેશન સેન્ટર દ્વારા શ્રમજીવીને પણ પરવડે તેવી એક રૂપિયાથી ત્રણ રૂપિયાની અંદરની પડતર કિંમતે વિવિધ વિષયો ઉપરની આજ સુધીમાં આઠેક પુસ્તિકાઓનું પ્રકાશન કર્યું છે.

આ પુસ્તિકાના વિષયો પર નજર કરતાં ખ્યાલ આવશે કે અક્ષુભાઈને હૈયે વસેલા વર્ગો ક્યાં હતા.

આવા અણમોલ માનવ અને ભારતના ટ્રોટસ્કીના છેલ્લા વારસોમાંના રહ્યા સહ્યામાંથી કમી થયેલ આ એકને લાખ્ખો સલામ.

- શહરજાદી

'દિશા' ૧૫-૫-૯૪

> Prof. Desai's seminal work exploring the social background of indian nationalism was a path-breaking work which was to serve as a beacon light to social scientists and historians. He was the pioneer in the study of the agrarian structure, peasant movements, civil liberty and the making of the Indian State.
>
> Prof. Bipin Chandra
> Eminent historian
> (Times of India, 13.11.94)

# એ. આર. દેસાઈ : એક અંજલિ

થોડાક જ દિવસો પહેલાં ડૉ. એ. આર. દેસાઈનું અવસાન થઈ ગયું. તેઓ માર્કસવાદી વિચારધારા પ્રત્યે સંન્નિષ્ઠ એવા પ્રખર સમાજશાસ્ત્રી હતા. તેમણે વર્ગવિગ્રહના આધારે સામાજિક સંઘર્ષ અને તેની સાથે સંકળાયેલી ઘટનાઓને સમજવામાં ઘણો મોટો ફાળો આપ્યો હતો. પોતાની બુધ્ધિશક્તિને સમાજશાસ્ત્રીય અને સાંસ્કૃતિક સમસ્યાઓનો અભ્યાસ કરવામાં લગાવીને તેમણે કોસાંબી, દેવીપ્રસાદ ચટ્ટોપાધ્યાય જેવા પ્રખ્યાત માર્કસવાદી બુધ્ધિજીવીઓ અને વિદ્વાનોની હરોળમાં પોતાનું સ્થાન કાયમ કર્યું છે.

ડૉ. દેસાઈએ સૌથી વધુ ફાળો સમાજશાસ્ત્રમાં આપ્યો હતો. અર્થાત્ સમાજશાસ્ત્ર અને તેના વિકાસમાં આવતા આંતરિક અંતરાયોના અધ્યયનમાં આ ફાળો કેટલો બધો મહત્વપૂર્ણ છે તેનો ખ્યાલ જ્યારે આપણે પ્રાચીન સમયથી માંડીને આધુનિક સમય સુધીના ભારતીય સમાજના સ્વરૂપનો અભ્યાસ કરીએ છીએ, ત્યારે જ આવે છે. આ સ્વરૂપ છે જાતિ અને સંપ્રદાયો પર આધારિત સમાજનું

માર્કસવાદના વિરોધીઓ આપણને સમજાવવા મથે છે કે ભારતના જાતિ પર આધારિત સમાજ અને તે સમાજમાં ફેલાયેલા ધાર્મિક સંપ્રદાયો માર્કસવાદી દ્રષ્ટિકોણથી છણાવટમાં આવી જ શકતા નથી. માર્કસવાદના વિરોધી વિદ્વાનો અને સામાજિક-રાજનૈતિક કાર્યકર્તાઓ હકીકતમાં તેની વકીલાત કરતાં કહે છે કે વર્ગવિગ્રહના સિધ્ધાંતને સામાજિક ન્યાયના આંબેડકરના સિધ્ધાંતની સાથે જોડી દેવો જોઈએ.

વર્ગવિગ્રહના માર્કસવાદી સિધ્ધાંતો અને જાતિઓ તેમજ સમુદાયોને લગતા સામાજિક-સાંસ્કૃતિક સિધ્ધાંતોને પૂરેપૂરી માર્કસવાદી રીતે જડબેસલાક ચુસ્ત વિભાગોમાં વહેંચવાની વાતનો માર્કસવાદીની ભાવના સાથે કોઈ રીતે મેળ બેસતો નથી. સામાજિક ન્યાય માટે વિગ્રહ, ધાર્મિક કટ્ટરતા તથા પોંગાપંથી ની વિરૂધ્ધ વિગ્રહ એ વર્ગવિગ્રહનો જ એક ભાગ છે. માકર્સ અને એંગલ્સે આની વ્યાખ્યા આપી હતી અને લેનીને એને વધુ સમૃધ્ધ બનાવી હતી. વિચારનું કોઈપણ ક્ષેત્ર માકર્સ અને એંગલ્સે આપેલા વર્ગવિગ્રહના પરિભાષાના ક્ષેત્રની બહાર નથી. સત્ય તો એ છે કે માલિકવર્ગ મજૂર (શ્રમજીવી) વર્ગનું માત્ર આર્થિક શોષણ જ કરતો નથી પરંતુ સામાજિક, સાંસ્કૃતિક, રાજનૈતિક તથા સામાજિક પ્રક્રિયાના બીજા દરેક ક્ષેત્રોમાં પણ તેમનું શોષણ કરે છે.

આખી દુનિયામાં, સામાજિક ઈતિહાસમાં માલિકવર્ગ અને મજૂર વર્ગનો વિકાસ એકસરખો રહ્યો નથી. દરેક દેશના વર્ગબંધારણનું પોતાનું જ 'મોડલ' હોય છે. ઉદાહરણ તરીકે ભારતમાં ચાર મૂળ વર્ગોનું બંધારણ સમય જતાં અગણિત જાતિઓ અને ઉપજાતિઓમાં વહેંચાઈ

ગયું. એ વર્ગ વિભાજનનું જ એક સ્વરૂપ હતું. બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય એ માલિક વર્ગો હતા જ્યારે શુદ્ર જાતિ અતિપ્રાચીન ભારતીય સમાજમાં મજૂર વર્ગ હતો.

સમય જતાં આ ચાર મૂળ વર્ગો જાતિઓ અને ઉપજાતિઓમાં વહેંચાઈ ગયા. તેમની વચ્ચેથી માલિકોની કેટલીક જાતિઓ ઉપસી આવી. બાકીની જાતિઓ મજૂર વર્ગમાં આવી ગઈ. માલિક વર્ગ અર્થાત્ બ્રાહ્મણોએ વિશ્વની પોતાની જ એક દાર્શનિક દ્રષ્ટિ અર્થાત્ આદર્શવાદનો વિકાસ કર્યો. જ્યારે શુદ્રો અથવા મજૂર વર્ગોએ પોતાના જુદા ભૌતિકવાદી દર્શનનો વિકાસ કર્યો.

જેમકે દેવી પ્રસાદ ચટ્ટોપાધ્યાયે પોતાની અભિન્ન્ સૈંધ્ધાતિક રચનાઓમાં બતાવ્યું હતું કે શુદ્રોએજ લોકાયત, સાંખ્ય, બૌધ્ધ, જૈન વગેરે ભૌતિકવાદી દર્શનોનો વિકાસ કર્યો હતો. ભૌતિકવાદ અને આદર્શવાદના વિચારધારાનાં જૂથો વચ્ચેના સંઘર્ષ કે જે પછીથી ભૌતિકવાદ પર આદર્શવાદના વિજયની સાથે પૂરો થયો હતો, તે હકીકતમાં પ્રાચીન ભારતમાં થતા વર્ગવિગ્રહને જ છતો કરતા હતા.

શંકર દ્વારા ભૌતિકવાદની હારનું પરિણામ બૌધ્ધિક સ્થગિતતા અને પતનના લાંબા સમયના રૂપમાં સામે આવ્યું હતું. આ જ કારણ હતું કે અતિપ્રાચીન સમયમાં એક શાનદાર સભ્યતાનું માલિક ભારત, સમય જતાં પાછળ પડી ગયું. અને અઢારમી અને ઓગણીસમી સદીઓમાં અંગ્રેજો પોતાની સત્તા સ્થાપવામા સફળ બની ગયા.

પ્રાચીન ભારતમાં ભૌતિકવાદની હારથી ઉત્પન્ન થયેલો ગતિરોધ જ્યારે બ્રિટીશ હકૂમતે પોતાનું રાજ્ય કાયમી કરી લીધા પછી ભારતીય પ્રજાએ પોતાની આઝાદી મેળવવા માટે સંગ્રામ શરૂ કર્યો ત્યારે જ તૂટ્યો. તેનું પરિણામ એ આવ્યું કે ઓગણીસમી સદીના મધ્ય ભાગ સુધી ભારતમાં આધુનિક બુધ્ધિજીવીઓની નવી પેઢીઓ આવી ગઈ હતી. પ્રાચીન તથા મધ્યયુગના ઇતિહાસમા વિગ્રહને ચાલુ રાખતાં, આધુનિક ભારતીય બુધ્ધિજીવીઓની નવી પેઢીઓએ પોતાના જ સિધ્ધાંતોનો વિકાસ કરવાનું શરૂ કર્યું. આ રીતે ઓગણીસમી સદીના ઉત્તરાર્ધ અને વીસમી સદીના પૂર્વાર્ધમાં રાજનૈતિક અર્થશાસ્ત્ર, ઇતિહાસ, દર્શન, વિજ્ઞાન, રાજનૈતિક સંસ્થાઓ અને અનેક આધુનિક વિજ્ઞાનોનો વિકાસ થયો.

દેશ આઝાદ થયા પછી આ પ્રક્રિયાને જબરદસ્ત ગતિ મળી. આઝાદીના સંગ્રામના છેલ્લા દસકામાં અને દેશ આઝાદ થયા પછી વિદ્વાનો અને સામાજિક-રાજનૈતિક કાર્યકર્તાઓના મોટા મોટા સમૂહો અસ્તિત્વમાં આવ્યા.

બીજા અનેક મૂળગામી બુધ્ધિજીવીઓની જેમ શ્રી એ. આર. દેસાઈ આ જ ઘટનાવિકાસનાં અને ખાસ કરીને આઝાદી પછીના બૌધ્ધિક વિકાસના સંતાન હતા. અનેક બીજા સમાજશાસ્ત્રીઓની સાથે મળીને તેમણે શાનદાર કૃતિઓની રચના કરી અને સામાજિક-સાંસ્કૃતિક અને રાજનૈતિક જીવનના સિધ્ધાંતો, વ્યવહાર તથા રાષ્ટ્રીય અર્થવ્યવસ્થામાં તેમના પ્રવાહો વચ્ચેના અભિન્ન સંબંધો પર મહત્વપૂર્ણ પ્રકાશ પાથર્યો.

ડૉ. આંબેડકરે પરિભાષિત કરેલા સામાજિક ન્યાય માટેનો વિગ્રહ જેને માર્કસવાદી-લેનિનવાદી ચિંતન તથા સામાજિક, રાજનૈતિક કાર્યકર્તાઓના વ્યવહાર દ્વારા પરિભાષિત કરવામાં આવે છે - એ રીતે પરસ્પર સંબંધિત છે. સામાજિક, સાંસ્કૃતિક અને રાજનૈતિક જીવનના વિવિધ પાસાંઓની વચ્ચે અંદરોઅંદર અને દેશની અર્થવ્યવસ્થાની સાથે તે બધાનો અવિભાજ્ય અંતર્સબંધ આ જ છે ભારતની ઠોસ પરિસ્થિતિમાં માર્કસવાદી લેનિનવાદી સિધ્ધાંતના વ્યવહારનો સાર અને ડૉ. દેસાઈ આ દ્રષ્ટિએ સૌથી મહત્વપૂર્ણમાંના એક હતા.

**- ઈ. એમ. એસ. નંબુદ્રીપાદ**

(૨૭ નવેંબર, ૯૪નાં 'લોકલહર'માં ઈ. એમ. એસ. નંબુદ્રિપાદના હિન્દીમાં છપાયેલ લેખનું પાઠાંતર)

His going is a great loss to all of us in the social sciences. He was among the rare scholars who could cross the boundaries of disciplines and excite all kinds of people with his ideas. It was also remarkable the way his work was always so topical. And inspite of all his hard work and his eminence he remained a gentle person, anxious to get the best out of those around him. I always looked forward to meeting him generally at seminars.

Romila Thapar.

# નિરંતર ક્રાંતિના હિમાયતી : ડૉ. અક્ષય દેસાઈ

શોષણવિહીન સમાજરચના માટે કટીબધ્ધ અને કાર્યશીલ કર્મશીલો માટે આજે કપરો કાળ છે. ચારે બાજુએ તેઓને મૂલ્યનિષ્ઠ રાજકારણ ખતમ થતું દેખાય છે. સતત નિરાશા અને હતાશાથી તેઓ ઘેરાયેલા છે. મનોમન સવાલ કરે છે કે શું ન્યાયી સમાજ રચી શકાશે ખરો ? માનવીય ગૌરવ સમાજમાં ક્યારે પ્રસ્થાપિત થશે ? પણ ડૉ. અક્ષય દેસાઈ (એ.આર.દેસાઈ) આવી કોઈ હતાશાના ભોગ બન્યા ન હતા. હકીકતમાં એમને જ્યારે જ્યારે મળીએ ત્યારે ત્યારે એમ જ લાગે કે હતાશાનું કોઈ કારણ નથી. તેઓ દેશના જુદા જુદા ખૂણાઓમાં શોષિત લોકો અને તેમનાં સંગઠનો જે આંદોલનો ચલાવે છે તેમની વાતો કરે. જુદી જુદી વ્યક્તિઓ જે કામ કરે છે તેની માહિતી આપે. તેમની સાથે વાત કરતાં તમારો ઉત્સાહ વધી જાય અને તમને થાય કે હતાશાનું કોઈ કારણ નથી. જીવનમાં નવી દ્રષ્ટિ અને પ્રેરણા મળે. આજે અક્ષયભાઈ રહ્યા નથી. જ્યારે તેમની ખાસ જરૂર છે ત્યારે [illegible]ાર, ૧૨મી ઓક્ટોબરે વહેલી સવારે વડોદરામાં તેઓએ ચિરવિદાય લીધી છે.

આમ તો તેમની વિદાય પાકટ ઉંમરે, ૭૯ વર્ષે થઈ છે. પણ જેઓ તેમને જાણે છે તેઓને અક્ષયભાઈ યુવાન જ લાગ્યા છે. સતત કાર્યશીલ અને ઉત્સાહી રોજના ૧૮-૧૯ ક્લાક કામ કરે. લખવા, વાંચવાનું, પ્રવાસ, મિટિંગો, સભા-સરઘસ અને સૌની સાથે ચર્ચા-વિચારણા. કોઈ દિવસ થાક કે કંટાળાની ફરિયાદ નહિ. કદી લાગે જ નહીં કે તેઓ વયોવૃધ્ધ છે.

ડૉ. એ. આર. દેસાઈ કાર્યશીલ સમાજવૈજ્ઞાનિક અને ક્રાતિકારી કાર્યકર હતા તેમના માટે એકેડેમિક અને રાજકીય કાર્ય બન્ને ક્ષેત્રો અલગ અલગ ન હતા. મુંબઈ યુનિવર્સિટીના સમાજશાસ્ત્રના પ્રોફેસર તરીકે રાજાભાઈ ટાવરમાં બેસી સમાજશાસ્ત્ર ભણાવવું અને સમાજશાસ્ત્રનાં પુસ્તકો લખવા માટે આરામખુરશીમાં બેસી માત્ર વાતો કરનાર સમાજશાસ્ત્રી તેઓ ન હતા. સમાજશાસ્ત્રનાં પુસ્તકો અને સંશોધનના નિબંધોની સાથે સાથે ગુજરાતીમાં લોકભોગ્ય ભાષામાં તેઓએ અનેક પુસ્તિકાઓ લખી છે. અને 'પડકાર' દ્વિ-માસિકનું તેઓ સંપાદન કરતા હતા. તેમનાં લખાણો એ રાજકીય કર્મશીલો માટે હતા જેઓ ન્યાયી સમાજરચના માટે કામ કરતા હોય. ડૉ. દેસાઈ રાજકીય કર્મશીલ હતા. સમાજવાદી સમાજરચના તેમના જીવનનું એક મિશન હતું. આવો સમાજ કેવી રીતે રચી શકાય તે માટે તેઓ સતત પ્રયત્નશીલ રહેતા હતા.

અક્ષયભાઈનો જન્મ ૧૬ એપ્રિલ ૧૯૧૫ના રોજ નડીયાદમાં થયો હતો. તેઓ નાની ઉંમરના હતા ત્યારેજ તેમનાં માતા કૈલાસબહેન ગુજરી ગયા હતા. ગુજરાતના જાણીતા સાક્ષર રમણલાલ વસંતલાલ દેસાઈ તેમના પિતા હતા. પિતાની સંવેદનશીલતા તેઓને વારસામાં મળી હતી. રમણલાલ દેસાઈ વડોદરા રાજ્યમાં કારભારીની નોકરી કરતા. તેઓની સાથે અક્ષયકુમાર જુદા જુદા પ્રદેશોમાં ફર્યા અને ગુજરાતના સમાજનાં જુદાં જુદાં પાસાંઓને તેઓ સમજ્યા. વિદ્યાર્થીકાળ દરમિયાન વડોદરા, સુરત અને મુંબઈમાં તેઓ વિદ્યાર્થી ચળવળમાં સક્રીય હતા. હકીકતમાં હડતાલ પડાવવાને કારણે વડોદરા યુનિવર્સિટી છોડી મુંબઈ જઈ કાયદાનો અને સમાજશાસ્ત્રનો જી.એસ. ઘૂર્યેના માર્ગદર્શન હેઠળ તેઓએ પી.એચ.ડી. નો અભ્યાસ કરી પદવી મેળવી હતી.

કોલેજના અભ્યાસ દરમિયાન તેમની રાજકીય પ્રવૃત્તિઓ ચાલુ જ હતી. ખાસ કરીને મજદૂર પ્રવૃત્તિમાં તેઓ સક્રિય હતા અને મુંબઈ ઈલેક્ટ્રીકસીટી સપ્લાય કામદાર; ગોદી કામદાર, કાચ બનાવવાના કામદાર યુનિયનમાં તેઓ કામ કરતા હતા કામદારોનાં અભ્યાસ વર્તુળો ચલાવતા. આ સમય દરમિયાન તેઓ નીરાબહેન દેસાઈના સંપર્કમાં આવ્યા. અને બન્નેએ લગ્ન કર્યાં. નીરા દેસાઈ પોતે જ સમાજશાસ્ત્રી છે અને નારી અભ્યાસોને વિક્સાવવામાં તેમનું ઘણું પ્રદાન છે. બન્નેએ એકબીજાના જીવનઘડતરમાં ઘણો મોટો ફાળો આપ્યો છે.

૧૯૩૦ના દાયકામાં મુંબઈમાં પ્રખર વિદ્વાન માર્કસવાદી સી.જી.શાહ હતા. અક્ષયભાઈ પર તેમની બહુ મોટી અસર હતી. ૧૯૩૪માં તેઓ સામ્યવાદી પક્ષના સભ્ય બન્યા. પણ પક્ષના માળખા અને કાર્યપધ્ધતિએ બીજા વિશ્વયુધ્ધ વખતે જ્યારે પક્ષે બ્રિટીશ સરકારને ટેકો આપવાનું નક્કી કર્યું ત્યારે તે નિર્ણયની વિરૂધ્ધમાં તેઓએ પક્ષમાંથી રાજીનામું આપ્યું. આ સમય દરમિયાન લીઓન ટ્રોટ્સકીનાં લખાણો રીવોલ્યુશન બિટ્રેડથી તેઓ પ્રભાવિત થયા. જુદા જુદા બીજા માર્કસવાદી લેખકો તેઓએ વાંચ્યા. અને ટ્રોટ્સકી બન્યા. સ્ટાલીનવાદીઓથી છૂટા પડી ટ્રોટ્સકીવાદીઓએ જે ચોથી આંતરરાષ્ટ્રીય સ્થાપના કરી તેની પ્રવૃત્તિમાં તેઓ સક્રિય બન્યા.

૧૯૫૩માં તેઓ ધી રેવોલ્યુશનરી પાર્ટી (એસ.આર.પી.) ના સભ્ય બન્યા. પણ તેમનાં લખાણોનો પક્ષે અસ્વીકાર કર્યો. એટલે તેઓએ તે પક્ષ છોડ્યો.ત્યાર પછી તેઓ કોઈ પક્ષમાં જોડાયા નહીં, પણ ઈન્કલાબી કોમ્યુનીસ્ટ સંગઠનની પ્રવૃત્તિઓમાં તેઓએ જુદી જુદી રીતે છેવટ સુધી સાથ અને સહકાર આપ્યો. આ સંગઠનની વડોદરાની પ્રવૃત્તિઓમાં તેઓ સક્રિય હતા. ગુજરાતમાં આદિવાસી અને દલીતોની અસ્મિતા અને ન્યાયની માગણી અંગે ચાલતી પ્રવૃત્તિઓ, માનવ અધિકાર અંગેનાં આંદોલનો, સ્ત્રી-મુક્તિ અને કામદારોના અધિકારો માટેના સંઘર્ષમાં અક્ષયભાઈ સતત સંકળાયેલા રહ્યા છે. આ પ્રવૃત્તિઓ ચલાવનારાઓને

તેમના તરફથી સતત પ્રોત્સાહન અને માર્ગદર્શન મળતું રહ્યું છે.

ડૉ. એ. આર. દેસાઈએ એકેડેમીક કારકીર્દીની શરૂઆત મુંબઈની સિધ્ધાર્થ કૉલેજમાં સમાજશાસ્ત્રના વ્યાખ્યાતા તરીકે ૧૯૪૬માં કરી. ૧૯૫૧માં મુંબઈ યુનિવર્સિટીમાં જોડાયા. ત્યાંથી તેઓ પ્રોફેસર અને સમાજશાસ્ત્ર વિભાગના વડા તરીકે ૧૯૬૮માં નિવૃત્ત થયા. રાષ્ટ્રીય સમાજશાસ્ત્ર મંડળ અને ગુજરાત સમાજશાસ્ત્ર મંડળના તેઓ પ્રમુખ હતા.

ભારતીય રાષ્ટ્રવાદ અને રાષ્ટ્રીયતા, વિકાસની તરાહ, ખેડૂત આંદોલન અને માનવ લોકશાહી અધિકારો જેવા વિષયોની આજુબાજુ તેઓએ અનેક લખાણો લખ્યા છે. તેઓનું પુસ્તક 'સોશ્યલ બેકગ્રાઉન્ડ ઓફ ઈન્ડીયન નેશનાલીઝમ' જે ૧૯૪૮માં પ્રસિધ્ધ થયું હતું તે ખૂબ જ ખ્યાતિ પામ્યું છે. તેની ૧૦ કરતાં પણ વધુ આવૃત્તિઓ થઈ છે અને ભારતમાં લગભગ બધી જ ભાષાઓમાં તેનો અનુવાદ થયો છે. ભારતમાં જે પ્રકારનો મૂડીવાદ વિકસી રહ્યો છે તેના તેઓ આલોચક હતા. તેઓ માનતા હતા કે ભારતનો મૂડીવાદી વર્ગ ભારતનો વિકાસ કરવા માટે શક્તિશાળી નથી અને આ વિકાસ દ્વારા ભારતની ગરીબાઈ અને આર્થિક પછાતપણું દૂર થશે નહિ. માનવઅધિકારો અંગેના અભ્યાસોમાં તેઓએ પ્રતિપાદિત કર્યું છે કે દિવસેને દિવસે રાજ્ય ગરીબ, શોષિત લોકો સામે વધુ જુલ્મી અને ક્રૂર બનતું જાય છે, અને લોકોના મૂળભૂત પ્રાથમિક અધિકારોને છીનવી લે છે. આ સામે તેઓ વ્યક્તિગત રીતે જે કંઈ થાય તે પ્રયત્નો સક્રીય રીતે, છેલ્લે સુધી કરતા હતા.

દેશમાં અને ખાસ કરીને ગુજરાતમાં સમાજ પરિવર્તન માટે કામ કરતાં સંગઠનો અને વ્યક્તિઓમાં અક્ષુભાઈની ખોટ કેવી રીતે પૂરાશે ? તેમના વગર યુવાનોને પ્રોત્સાહન કોણ આપશે ?

**ઘનશ્યામ શાહ અને કલ્પના શાહ**
(નવગુજરાત ટાઈમ્સ ૧૬-૧૧-૯૪)

We value his contribution to history as much as sociology. Among historians too he was held in great awe. Prof. Desai was one of the early Marxist historians of modern India. His book titled 'Social Background of Indian Nationalism' gave a strong Marxist interpretation of the national movement in India.

A major influence on Indian history, he introduced a paradigmatic change in the study of Indian history. Remaining a marxist to the end, he was an absolutely wonderful persons.

- Prof. Harbans Mukhia
Centre for Historical Studies, JNU.
(Times of India, 13.11.94)

## એક અનોખું વ્યક્તિત્વ

તા. ૧૨-૧૧-૯૪ના રોજ શ્રી અક્ષયકુમાર ર. દેસાઈના અવસાનના સમાચાર સાંભળી એક અનોખું વ્યક્તિત્વ ગુમાવ્યાનો અહેસાસ થયો.

અક્ષુભાઈને- એમના વ્હાલપના પારાવાર ભર્યા દિલમાં ડોકિયું કર્યા પછી- અક્ષયકુમાર જેવા ભારેખમ સંબોધવાનું મન જ ન થાય ને?

ગુજરાતના લાડીલા સૌજન્યશીલ વાર્તાકાર રમણલાલ વસંતલાલના એ પુત્ર: ર. વ. દેસાઈ અને તેમનાં માતાપિતાનો આતિથ્યસત્કાર માણવો એય એક લહાણું હતું. આવા મીઠાશસભર વાતાવરણમાં અક્ષુભાઈનું ઘડતર થયું. માત્ર એક જ બહેન, પરં મામા, માશી, ફોઈનાં ભાઈ બહેનો સદાય તેમનાં પોતીકાં જ.

સમાજશાસ્ત્ર અને સમાજવાદી વિચારસરણીના અક્ષુભાઈનું કર્મક્ષેત્ર મુંબઈ. માહિમના ટાઈકલવાડીના તેમના ઘરમાં સહુ આદર સત્કાર પામે. શ્રી નીરાબહેન ભદ્રજીભાઈ ધ્રુ સાથે લગ્નગ્રંથીથી જોડાયા ત્યારે સોનામાં સુગંધ ભળ્યા જેવું થયું. કારણકે નીરા બહેનના માતાપિતા પણ નાના ઘર છતાં વિશાળ હૃદયથી કેટલાય મહેમાનોના યજમાન હોય. કદાચ સંતાનોને ભણવા માટે જોઈતા એકાન્તમાં વિક્ષેપ પડે છતાં મહેમાનોની આવનજાવન ચાલુ જ.

વાળુ પાણીથી પરવારી આજુબાજુના મિત્રો સાથે બ્રિઝીકની કે એવી બીજી પત્તાંની રમત ચાલે. આવા વાતાવરણમાં ઘડાયેલાં નીરાબહેન નીરા અક્ષયકુમાર દેસાઈ બન્યાં પછી એટલાંજ મીઠાશસભર હોય એમાં શી નવાઈ? સ્વભાવના આ સુમેળ સાથે અક્ષુભાઈ જેવા પ્રોત્સાહક સાચા અર્થમાં સમાનતાની ભાવના આચરનાર જીવનસંગીના સથવારે નીરાબહેને પણ સમાજશાસ્ત્રમાં ડોક્ટરેટ મેળવી એટલુંજ નહિ, દેશ અને પરદેશમાં કેટલીય કોન્ફરન્સો અને પરિસંવાદોમાં ભાગ લીધો.

અક્ષુભાઈએ પોતાના વિષયની અચ્છી જાણકારી સાથે અનેક પુસ્તકો પ્રગટ કર્યાં. ર. વ. દેસાઈનાં બધાંજ પ્રકાશનો ઉલટભેર આર. આર. શેઠની કું. એ પ્રગટ કર્યાં. એવા જ મીઠાશભર્યા અક્ષુભાઈના પ્રકાશન કાર્યમાં આર. આર. શેઠના ભગત ભાઈએ પણ મહત્ત્વનો ફાળો આપ્યો. થોડા જ સમય પહેલાં ર.વ.દેસાઈની જન્મ શતાબ્દી મહોત્સવ ઉજવીને ભગતભાઈએ લેખક-પ્રકાશકના સંબંધને ચાર ચાંદ લગાવ્યા. આજે જ્યારે અક્ષુભાઈએ અચાનક હાથતાળી આપી ચિરવિદાય લીધી ત્યારે એમના પ્રોત્સાહક કાર્યસંગીઓએ તેમના અપ્રગટ લખાણો, ગ્રંથસ્થ કરવાનું બીડું ઝડપ્યું છે. તે અક્ષુભાઈના વ્હાલપની એંધાણી આપે છે.

શુધ્ધ નાગરી કુટુંબમાં ઉછરવા છતાં અક્ષુભાઈને જ્ઞાતિ, કોમ,

રાજ્ય જેવો ક્ષુલ્લક ભેદભાવ ન હતો. મનમેળને મોટી મિરાત ગણનાર અક્ષુભાઈ લગ્નસંબંધની રૂઢાચારથી મૂકી ઊંચેરા રહી શકતા હતા.

આવા વિશાળ હૃદયી, સતત આશુતોષ લાગતા અક્ષુભાઈના વ્યક્તિત્વનું એક બીજું પાસું પણ હતું. જ્યાં જ્યાં એ અસમાનતા, અન્યાય - આર્થિક કે સામાજિક-જોતા ત્યાં ત્યાં એમનો પુણ્યપ્રકોપ પ્રજવળી ઊઠતો. આવે પ્રસંગે એ આશુતોષ બની જતા. પર્યાવરણના પ્રશ્ને, શ્રમજીવીઓના કે મહિલાઓના, કામદારો કે બાળકોના પ્રશ્ને એમને સતત જાગ્રત રાખ્યા. આ જાગૃતિને તેમણે 'પડકાર' સામયિક દ્વારા વાચા આપી, એમાં તે તે વિષયના જાણકારોના લેખો પ્રગટ કર્યા, પોતાનાં મંતવ્યો રજૂ કર્યા. આમ મૂડીવાદી, સ્વકેન્દ્રી ધનસત્તાની લાલસાવાળા સત્તાધીશોને પડકારતા તેઓ અચકાતા નહિ. અને કોઈનીય શેહશરમ એમને નડતી નહિ. આ પડકારોમાં અને પરિસંવાદોમાં નીરાબહેનનોય સહિયારો સાથ હતો. બંનેના સથવારાથી છેલ્લુ પ્રગટ થયેલું પુસ્તક 'મહિલા શ્રમ શક્તિ' હતું. મને ખ્યાલ છે ત્યા સુધી આયોજનપંચના એક સભ્ય તરીકે સેવા નાં ઈલાબહેન ર. ભટ્ટના એક રિપોર્ટનો તે અનુવાદ છે. અહીં સાતમી ઓક્ટોબર ૧૯૯૪ના રોજ જે વાવાઝોડું અને વરસાદે હેલી મચાવી ત્યારે નીરાબહેન આ કામ માટે ઈલાબહેનને મળવા અમદાવાદ આવ્યાં હતાં. તે દિવસેય મને મળવા માટે તે આવ્યાં હતાં. મેં મીઠી મજાકેય કરી લીધી હતી કે નીરા ! તું મુંબઈથી વરસાદની હેલી લઈ આવી. જ્યારે અમદાવાદ આવવાનું બને ત્યારે નીરાબહેન મારી અસ્વસ્થ તબિયતને કારણે અચૂક મને મળવા આવતાં, એજરીતે અક્ષુભાઈ પણ અમદાવાદ આવે ત્યારે અચૂક મળવા આવતા. એમને અમદાવાદ આવવાનું (બંને જણને) બને તે તો મોટેભાગે કોઈ પરિસંવાદ માટે, ચર્ચાવિચારણા માટે અને પેલા પડકારોની સામગ્રીની આપ-લે કરવા માટે. આવા કાર્યક્રમો યુનિવર્સિટીના ઉપક્રમે હોય, ગાંધીશ્રમસંસ્થાનના ઉપક્રમે હોય કે બીજી કોઈ, સ્વૈચ્છિક સંસ્થાના. છેલ્લો પરિસંવાદ 'સેવા' ના ઉપક્રમે યોજવાનું નક્કી થયું. મનની મનમાં રહી ગઈ. અક્ષુભાઈએ ચિરવિદાય લીધી - નીરાબહેન ભારે બ્લડપ્રેશરમાં સપડાયાં અને કાર્યક્રમનું આયોજન કાગળ પર જ રહ્યું. સૂરત યુનિવર્સિટી કે બીજી સંસ્થાઓના ઉપક્રમે પણ દંપતીના પરિસંવાદો યોજાતા હતા. અલબત્ત આ બધાજ સેમિનારો હોય તો પેલા પડકારો માટે જ. આવા વહાલસોયા, સાકરના સમુદ્રમાં ડૂબાડી દે એવા દરિયાવદિલના અક્ષુભાઈ પડકાર ઝીલવા અને આપવામાં કદી પાછી પાની ન કરે.

સતત પ્રવૃત્તિશીલ રહેલી વ્યક્તિ જ્યારે એકાએક આપણી વચ્ચેથી ચાલી નીકળે છે ત્યારે વયભેદ ભૂલીને એની વણપૂરાય તેવી ખોટ સમાજને - રાષ્ટ્રને પડતી હોય છે. આવી ખોટ પ્રખર ભાષાશાસ્ત્રવિદ્ પ્રબોધભાઈ પંડિતની અને અર્થશાસ્ત્રી રામુભાઈ પંડિતના એકાએક થયેલા અવસાનથી એક આંચકા અને આઘાત સાથે આપણે અનુભવી.

નર્મદા યોજના અંગે પ્રશ્નની બંને બાજુથી છણાવટ અને ચર્ચા જેમ 'પડકાર' સામયિકમાં કરી તેમ સમાજને કે રાષ્ટ્રના કલ્યાણને લગતા કોઈ પણ વિષયની આમૂલ છણાવટ જાતે કરતા તેમજ જે તે વિષયના નિષ્ણાતો પાસે એક અચ્છા સમાજશાસ્ત્રવિદની રીતે આંકડાઓ સાથે કરતા - કરાવતા. જે વિષયની રજૂઆત કરે તેને સ્ટેટિસ્ટિકથી, તર્કથી અને સોંસરવી સ્પર્શી જાય એવી રીતે કરાવતા કે જાતે કરતા.

ખુલ્લા દિલના, પ્રેમાળ, સંબંધો જાળવનાર અક્ષુભાઈ જૂનાં સંબંધીઓને મળે ત્યારે ભારે નિખાલસ અને પોતીકાં લાગે. તેથી જ એમનું વ્યક્તિત્વ જેવું વિલક્ષણ અને વિચક્ષણ તેવું જ અનોખું લાગે. જ્યારે જ્યારે મળવાનું થયું છે ત્યારે કોઈ ભારેખમ, નિષ્ણાત, વિદ્વાન, પોતાની અમીર છાપ મૂકનાર અક્ષુભાઈ જુદા જ લાગે. એમની સાથે પોતાપણાનો અને માનવીય સંબંધ સહુ મિત્રોને, સ્વજનોને લાગે. આવી અનોખી વ્યક્તિની ખોટ સમાજને વણપૂરાય તેવી લાગે એ સહજ છે. તેમની વિદ્વત્તા, વિષયનું નૈપુણ્ય અને તેમના લખાણો કે પુસ્તકો વિષે અભ્યાસકીય ભારેખમ લેખો તો ઘણા પ્રગટ થશે. પરંતુ આ લખાણમાં મારે તો તેમની આત્મીયતા, મમતા અને ઘરોબાભર્યા સંબંધને જ વાચા આપવી છે.

રમેશભાઈ ભટ્ટ, રામુભાઈ પંડિત કે અક્ષુભાઈ જેવી સમાજની નિસબત ધરાવનારી વ્યક્તિઓને જ્યારે એકાએક જ કાલ ગ્રસી જાય છે ત્યારે તેમનાં ઘણાં કાર્યો આદર્યા અધૂરાં રહી જતાં હોય છે. નીરાબહેન અને અક્ષુભાઈના સુપુત્ર મિહિરભાઈ બંને નિયતિના આ પડકારને હસતે દિલે પડકારી સદગત્‌ના આદરેલા કાર્યોને પૂરા કરવા તત્પર બની તેમના દેહવિલયથી આવી પડેલા ખાલીપાને હૃદયને એક ખૂણે ધરબાવી કાર્યરત અને પ્રવૃત્તિશીલ બની જાય એવી શુભકામના પાઠવતાં આનંદની અનુભૂતિ કરૂં છું. જે પરમશક્તિએ આ પડકાર ફેંક્યો છે તેજ તેમને કાર્યરત બનવાની શક્તિ પણ આપી જ રહેશે એવી મારી ખાતરી છે.

**- ડૉ. સુસ્મિતા મ્હેડ**

In the passing away of Prof. A. R. Desai, we have lost an outstanding scholar, a committed humanist and a champion of the oppressed and exploited. The teachers and students of Jawaharlal Nehru University share this loss and convey their deep condolences to Neera Behn and other members of the family.

*- Jawaharlal Nehru University.*

# અંજલિ

પ્રોફેસર એ. આર. દેસાઇ (જન્મ ૧૯૧૫) એ ગયા નવેંબરમાં ૭૯ વર્ષની વયે આપણી વચ્ચેથી કાયમી વિદાય લીધી. સામાન્ય રીતે એમ માનીએ કે વિદાય માટે આ ઉંમર નાની ન ગણાય, પરંતુ ડૉ. એ. આર. દેસાઇ માટે આમ ન કહી શકાય. એઓ બીજાં ગમે એટલાં વર્ષ વધુ જીવ્યા હોત તો પણ એમની વિદાય તો હમેશાં કસમયની જ લાગી હોત. એમના ઉત્સાહ અને કામ કરવાની ધગશને કારણે ઉંમર,નિવૃત્તિ કે મંદ ગતિ જેવી વાતો સાથે એમને સાંકળવાનું લગભગ અશક્ય છે. હકીકતમાં તો એમની બૌદ્ધિક શક્તિ તેમજ લડાયક પ્રતિબદ્ધ વિદ્વતા માટેની તૈયારી જીવનની છેલ્લી ક્ષણ સુધી અકબંધ રહી.

૧૯૬૦ના દસકાનાં છેલ્લાં વર્ષો કે પછી ૧૯૭૦ના શરૂઆતના વર્ષમાં સમાજશાસ્ત્રમાં પા પા પગલી કરનારા આપણાંમાંના ઘણાઓ સામે બહુ થોડા પથદર્શકો દેખાતા હતા. માંઓવાદ પ્રતિ-સંસ્કૃતિ તેમજ સ્થાપિતવાદ-વિરોધી વિચારસરણીના વિવિધ સ્વરૂપોને કારણે ૪૦ વર્ષની ઉપરના આપણા જેવા માટે સ્પર્ધામાં ઊભા રહેવાનું અત્યંત કપરું બની ગયું હતું. અલબત્ત દેસાઇ આમાં અપવાદ હતા. માર્ક્સવાદનું સ્થાન સમાજશાસ્ત્રમાં છે એ પ્રત્યે મુખ્ય પ્રવાહનું એમણે માત્ર ધ્યાન જ દોર્યું એટલું નહિ પરંતુ મુંબઇ યુનિવર્સિટીના સમાજશાસ્ત્ર વિભાગમાં આ માટે એક ચર્ચામંચ પણ ઊભો કર્યો. આમ ડાબેરી ઝોકવાળા વિદ્વાનો માટે સંશોધનનું ક્ષિતિજ વિસ્તારી આપ્યું. વહેણની સામે તરવું સહેલું નથી હોતું અને સાથે સાથે વ્યવસાય તરફથી આદર પણ જીતવો એ તો અત્યંત મુશ્કેલ છે. આ ઘટના એમણે સંપૂર્ણપણે સિદ્ધ કરી બતાવી એ જ દર્શાવે છે કે જીવનના તમામ ક્ષેત્રમાંથી અને તમામ વયજૂથોમાંથી અનેક પ્રશંસકો એઓ પાછળ મૂકી ગયા છે. પોતાના સમકાલીનોને તથા એમની સાથે સાથે એક સમગ્ર શૈક્ષણિક વ્યવસાયને એમણે પ્રતિ-સંસ્કૃતિના ઉત્કૃષ્ટ દિવસોમાં યુવાન અને અધીરા કાર્યકરોને માટે પણ સ્વીકાર્ય બનાવ્યા, કારણ કે જો એક કિસ્સામાં અપવાદ કરવામાં આવે તો નક્કી બાકીના બધા પ્રત્યે ઉદાર બનવા માટેનો અવકાશ રહે જ.

એવું વારંવાર કહેવામાં આવ્યું છે કે યુવાનો પ્રત્યે દેસાઇ લાગણી ધરાવતા હતા, પરંતુ આ લાગણીમાં ક્યારેય ઉપકાર કે અનુગ્રહનો અંશ દેખાતો નહિ. જ્યારે તેઓ ઇન્ડિયન સોસ્યોલૉજિકલ સોસાયટીના પ્રમુખ હતા ત્યારે એમણે પ્રારંભિક બેઠકથી માંડીને ચર્ચાના તમામ સ્તરે 'નવા' તેમજ 'જુના' તમામને સમાન ગણી સહભાગી થવા આમંત્રણ આપ્યું હતું. દેસાઇનું આ અત્યંત માનવીય લક્ષણ સૌથી વધુ અજોડ છે. ખાસ કરીને વ્યાવસાયિક વર્તુળોમાં આવો ગુણ ભાગ્યે જ દેખાય છે, અને છતાં એમણે ગુણો એટલી બધી નિસ્વાર્થ સહજતાથી વિકસાવ્યાં કે માનવીમાં રહેલી મૂળભૂત ઉદારતાની પ્રશંસા કર્યા વિના કોઇનો છૂટકો જ નથી.

એ. આર. દેસાઈનો જન્મ વડોદરાના એક અત્યંત જાણીતા પરિવારમાં થયો હતો. એઓના પિતાશ્રી રમણલાલ દેસાઈ ગુજરાતના ઉત્તમ સાહિત્યકાર અને વડોદરા રાજ્યના એક મહત્વના અધિકારી હતા. યુવાન દેસાઈ વડોદરામાં જ રહીને કુટુંબનાં પ્રતિષ્ઠા અને સંપર્કો ભોગવવાને બદલે મુંબઈ તરફ ખેંચાયા અને શહેરના કામદાર વર્ગનાં આંદોલનોમાં સહજ રીતે જ જોડાઈ ગયા. કાયદાશાસ્ત્રમાં એમણે સૌ પ્રથમ સ્નાતકની પદવી લીધી અને ત્યાર બાદ મુંબઈ યુનિવર્સિટીના સમાજશાસ્ત્ર વિભાગમાં પ્રોફેસર જી. એસ. ધૂર્યેના નિરીક્ષણ હેઠળ પી. એચ.ડી. માટેનો અભ્યાસ કર્યો. છેલ્લે તેઓ આ વિભાગમાં વડા બન્યા. થોડાક સમય માટે ભારતીય સામ્યવાદી પક્ષના તેઓ સભ્ય પણ રહ્યા. પરંતુ સોવિયેટ યુનિયન ઉપર નાઝી જર્મનીએ કરેલા આક્રમણ બાદ અંગ્રેજોને ટેકો જાહેર કરવાની પક્ષની નીતિના વિરોધમાં ૧૯૩૯માં તેમણે રાજીનામુ આપી દીધું. ૧૯૫૫માં તેઓ ટ્રોટ્સ્કીવાદી ક્રાંતિકારી સમાજવાદી પક્ષમાં જોડાયા, પરંતુ બાંધછોડ વિનાની બૌધ્ધિક પ્રમાણિકતાને કારણે ૧૯૮૧માં આ સંસ્થામાંથી પણ છૂટા થવાની ફરજ પડી.

'ધ સોશ્યલ બેકગ્રાઉન્ડ ઓફ ઈન્ડિયન નેશનાલીઝમ' નામનું દેસાઈનું પ્રથમ પુસ્તક માર્ક્સવાદી અભિગમ ધરાવનારાઓ માટે જ માત્ર પથદર્શક નહોતું, પરંતુ ઈતિહાસ સાથે સમાજશાસ્ત્રને જે રીતે એમણે સાંકળી લીધું એનાથી એક નવો ચીલો પડ્યો. આજે જો આ પ્રસ્થાપિત પધ્ધતિશાસ્ત્ર હોય તો એની પાછળ દેસાઈના પાયાના પ્રયત્નો રહેલા છે. પછી તો એમણે ઘણા વિષયો ઉપર વ્યાપક લખાણો લખ્યાં : ભારતીય રાજ્ય ઉપર, કિસાનો ઉપર, અને અલબત્ત લોકશાહી અધિકારો ઉપર. એમના સમકાલીનોનો ઘણો મોટો ભાગ સમાજશાસ્ત્ર અને સામાજિક માનવશાસ્ત્રના વિષયોમાં ગામડાંઓ, પ્રદૂષણના પ્રતિબંધો અને અન્ય સભ્યતાવિષયક વિષયો ઉપર પ્રમાણિત કરવામાં આવેલી 'સાચી' પ્રવૃત્તિઓ કરતા હતા ત્યારે દેસાઈ આ શ્રેણીની બહાર નીકળી ગયા અને પોતાની વિદ્વત્તા દ્વારા 'ભારત' સ્તરના પ્રશ્નો ઊભા કરવા લાગ્યા. આઝાદી મળી ત્યારથી ભારતમાં એકધારી રીતે અને એક યા બીજા સ્વરૂપે અટકાયતી ધારો ચાલુ રહ્યો છે તેમજ ભારતીય કિસાનો મૂડીવાદના પ્રભુત્વ હેઠળ જ જીવે છે. આ હકીકત અંગેની વાસ્તવિકતા દેસાઈની નજર બહાર ગઈ ન હતી અને તેથી જ આ માટે એમણે અનેક સંશોધન કાર્યક્રમો ઘડી કાઢ્યા હતા.

એક પ્રતિબધ્ધ વિદ્વત્તાના નિદર્શન સાથે સાથે અંગ્રેજી પુસ્તકોનાં ભારતીય ભાષાઓમાં થતા અનુવાદોને પણ દેસાઈએ ખુબ પ્રોત્સાહન આપ્યું. 'પડકાર' નામના એક દ્વિમાસિકનું એમણે એકલે હાથે સંપાદન

કર્યું હતું. આ સામયિક વડોદરામાંથી પ્રકાશિત થતું હતું. જીવનનાં છેલ્લાં વર્ષો દરમિયાન એમનો સમય મુંબઈ અને વડોદરા વચ્ચે વહેંચાયો હતો. આ બંને સ્થળોએ એમણે અથાક પરિશ્રમ કર્યો હતો. અને આજ કારણે, જ્યારે મૃત્યુ ખરેખર એમની પાસે આવ્યું ત્યારે એ એટલું બધુ કવેળાનું લાગ્યું કે આપણે સૌ આ સમાચાર માટે બિલકુલ તૈયાર ન હતા.

**- દીપંકર ગુપ્તા**
સમાજશાસ્ત્ર વિભાગ, દિલ્હી યુનિવર્સિટી
(સોશ્યોલોજીકલ બુલેટીનમાંથી મૂળ અંગ્રેજીનું પાઠાંતર)

**આંતરરાષ્ટ્રીય કીર્તિ મેળવનાર સમાજશાસ્ત્રી પ્રાધ્યાપક ડૉ. એ. આર. દેસાઈના નિધનથી શોકાકુલ મરાઠી સમાજશાસ્ત્ર પરિષદના સભ્યોની અંજલિ :**

આંતરરાષ્ટ્રીય કીર્તિના સમાજશાસ્ત્રજ્ઞ અને મુંબઇ વિદ્યાપીઠના ભૂતપૂર્વ વિભાગના પ્રમુખ પ્રાધ્યાપક એ.આર.દેસાઇનું તેમના વડોદરાના નિવાસ સ્થાને તા. ૧૨ નવેમ્બર ૧૯૯૪ ના રોજ સવારે ૬.૦૦ કલાકે હાર્ટએટેક આવવાથી દુઃખદ અવસાન થયું. પોતાની બીમાર બહેનની સારવાર કરવા માટે ગયેલા કુટુંબવત્સલ, પ્રેમાળ માણસ પર કાળે પોતાનો ક્રૂર પંજો ફટકાર્યો. અવસાન સમયે તેમની ઉંમર ૭૯ વર્ષની હતી. તેમનામાં અપાર ઉત્સાહ ભરેલો હતો અને છેલ્લી ક્ષણ સુધી તેઓના નખમાંય રોગ ન હતો. છેલ્લી ક્ષણ સુધી તેઓ સમાજના દલિત અને શોષિત લોકોના પ્રશ્નો, કામદારો, સ્ત્રીઓ, અછૂતોના પ્રશ્નો માટે ઝઝૂમ્યા. ડૉ દેસાઇનું સમાજશાસ્ત્રીય યોગદાન અજોડ છે. ખૂબ ગ્રંથો લખ્યા અને વિદ્વાન સમાજશાસ્ત્રનું સૉશ્યલ બેકગ્રાઉન્ડ ઑફ ઇંડિયન નેશનાલિઝમ, સ્ટેટ એન્ડ સોસાયટી ઇન ઇન્ડિયા, રૂરલ સોશિયોલોજી ઇન ઇન્ડિયા વગેરે તેમના ગ્રંથોનો વિશ્વવિખ્યાત ગ્રંથોમાં સમાવેશ થાય છે. એક હાડે તો શિક્ષક, માનવતાવાદી વિચારક, અતુલનીય અને અપાર ઉત્સાહી ક્રાંતિકારી આજે કાળના પડદા પાછળ છુપાઇ ગયા છે. મરાઠી સમાજશાસ્ત્ર પરિષદના અધ્યક્ષ, કારોબારી સમિતિના સભ્યો, આજીવન સભ્યો, મરાઠી સમાજશાસ્ત્ર પરિષદના નવમા અધિવેશનના સરદાર પટેલ મહાવિદ્યાલય, ચંદ્રપુરના સંયોજકો અને અધિવેશન માટે ઉપસ્થિત થયેલા પ્રતિનિધિઓ તેમના પરિવારના દુઃખમાં સહભાગી છે.

મરાઠી સમાજશાસ્ત્ર પરિષદ
(સમાજશાસ્ત્ર વિભાગ શિવાજી વિદ્યાપીઠ, કોલ્હાપુર).

## અક્ષુભાઈ ગયા !

છેલ્લાં ત્રીસેક વર્ષોમાં જ્યારે પણ મળવાનું થતું ત્યારે હંમેશા એમનો ચહેરો હસતો જ હોય. અત્યંત પાણીદાર એ બે આંખો સતત ચમક્યા જ કરે. પણ એ ચમકારામાં જ્ઞાનનું ગુમાન ક્યાંય લેશમાત્ર ન હોય. હોય કેવળ સામી વ્યક્તિ પ્રત્યેનો ઉષ્માભર્યો પ્રેમ અને આદર. માણસને મળ્યા પછી થોડી જ વારમાં તેને પામી જાય ખરા પણ સામાને માપવાનો કે કાપવાનો પ્રયત્ન ક્યારેય ન કરે. વાતોના શોખીન. વાત કરતાં કરતાં ક્યારે ચર્ચામાં ઉતરી પડે અને ચર્ચા કરતાં કરતાં ક્યારે વાદવિવાદમાં પડી જાય એ કહેવાય નહીં. પણ આટલાં વર્ષોમાં ક્યારે એમને મોઢે કોઈની નિંદા સાંભળી નથી. કુટુંબીઓ અને ઘણાખરા મિત્રો, સ્નેહીઓ, વિદ્યાર્થીઓ એમને 'અક્ષુભાઈ' તરીકે જ ઓળખે. અંગ્રેજી પુસ્તકો દ્વારા ઓળખનારા તેમનો 'ડૉ. એ. આર. દેસાઈ ' તરીકે ઓળખે. શનિવાર.. તા. ૧૨મી નવેમ્બરે વડોદરામાં એમનું અવસાન થયું.

'વિદ્યા વિનયેન શોભતે' એ સૂત્ર તો જાણે અક્ષુભાઈના લોહીમાં ભળી ગયું હતું. આંતરરાષ્ટ્રીય ખ્યાતિ ધરાવતા સમાજશાસ્ત્રના વિદ્વાન હતા પણ એમની વિદ્વત્તા કે ખ્યાતિનો ભાર ન પોતે ઉપાડીને ફરે કે ન સામાને ઉપાડવા દે. કોઈ આંતરરાષ્ટ્રીય કોન્ફરન્સમાં ભાગ લઈને આવ્યા પછી મળે ત્યારેય વિદેશપ્રવાસની વાત અનિવાર્ય હોય તો જ કરે અને તે પણ એવી રીતે કરે કે જાણે ટાઈકલ વાડીના જે 'જયકુટિર' મકાનમાં રહેતા તેનો દાદરો ઉતરી દુકાનમાંથી કંઈક લેવા ન ગયા હોય. સ્વભાવે અત્યંત માયાળુ. વિદ્યાર્થીઓ, મિત્રો, સ્નેહીઓ વગેરેની માત્ર કારકિર્દીમાંજ નહીં, પણ તેમના અંગત પ્રશ્નો કે મૂંઝવણોમાં પણ રસ લે અને સાંત્વન આપે, મદદ કરે. પણ વ્યવહારની આંટીઘૂંટીમાં બહુ ગતાગમ ન પડે. પૈસાનો વ્યવહાર કરવાનો આવે તો રીતસર મૂંઝાઈ જાય.

રમણલાલ દેસાઈ જેવા યુગમૂર્તિ વાર્તાકારના તેઓ પુત્ર - અક્ષુભાઈના બાળપણ દરમિયાન રમણલાલ વડોદરા રાજ્યના ઊંચા હોદ્દા પર અધિકારી. લાડકોડ, નોકર-ચાકરની સગવડમાં ઉછર્યા હશે. બાળપણમાં માતા ગુમાવેલાં એટલે બહોળા કુટુંબના સભ્યોએ પણ અછોવાનાં કર્યાં હશે. એટલે સ્વભાવથી થોડા સુંવાળા ખરા. પિતા રમણલાલનાં સૌજન્ય, સાહિત્યપ્રીતિ, ગરીબો-દલિતો પ્રત્યેની સહાનુકંપા વારસામાં મળેલાં, પણ પિતાનો સંગીત પ્રેમ પણ વારસામાં મળેલો એની ઓછાને ખબર હશે, શાસ્ત્રીય સંગીત સાંભળવાના શોખીન. તેની બારીક ખૂબી કે ખામીની ચર્ચા પણ કરી શકે. ૧૯૯૨માં રમણલાલ દેસાઈની જન્મશતાબ્દી ઉજવાઈ ત્યારે તેમનાં ગીતોની એક કેસેટ 'શમણાં' રમણલાલનાં કુટુંબીજનોએ બહાર પાડેલી. તેમાં પહેલા

જ ગીત "હાં રે મને રામ નામની ધૂન લાગી"ની બંદિશ અક્ષુભાઈએ બનાવેલી છે. અક્ષુભાઈને અવાજની તકલીફ લગભગ આખી જિંદગી રહી, છતાં ક્યારેક ઢાળ સમજાવવા માટે કોઈ ગીત ગણગણતા ત્યારે તેમનામાં રહેલો સંગીત રસિયો દેખાઈ આવતો.

વર્ષો સુધી મુંબઈ યુનિવર્સિટીમાં સમાજશાસ્ત્રના અધ્યાપક રહ્યા. પાછળથી એ વિભાગના વડા પણ થયા. પણ નોકરીમાંથી એક વાર નિવૃત્ત થયા પછી કોઈ સંસ્થા કે હોદ્દો કે મોભો કે પુરસ્કાર કે સન્માન મેળવવા માટે પ્રયત્ન કરવાની વાત તો બાજુએ રહી, એ અંગે મનમાં વિચાર સુધ્ધાં નહીં કર્યો હોય. નિવૃત્તિ પછી ધાર્યું હોત તો ગુજરાતની કોઈ યુનિવર્સિટીના વાઈસ ચાન્સેલર તો સહેલાઈથી બની શક્યા હોત. પણ એમણે તો ટાઈકલ વાડીના એ નાનકડા ફ્લેટનું જ યુનિવર્સિટીમાં રૂપાંતર કરવાનું પસંદ કર્યું. વાંચન-લેખન-સંશોધન સતત ચાલુ જ હોય. યોજનાઓ ઘડતા રહે અને તોડતાય રહે. પોતે ધાર્યું હોય તે કરવા પ્રયત્ન જરૂર કરે, પણ મમત કે મમત્વ જોવા ન મળે. કોઈ પુસ્તક જોઈતું હોય કે કશીક ચર્ચા કરવી હોય તો ખૂબ જ સરળતાથી ઓફિસમાં આવી ચડે. "તમે શીદ તકલીફ લીધી, ફોન કર્યો હોય તો હું ઘરે આવી જાત" એમ કહીએ તો કહે "આમે આ બાજુથી નીકળવાનો તો હતો જ. થયું કે ચાલ, મળતો જાઉં" પોતાનું કોઈ નવું પુસ્તક પ્રગટ થયું હોય તો કદાચ વાત નયે કરે, પણ પોતાના કોઈ મિત્ર કે વિદ્યાર્થીનું પુસ્તક પ્રગટ થયું હોય તો હોંશથી વાત કરે જ. કલાઓ અને સાહિત્યને સમાજશાસ્ત્રની દ્રષ્ટિથી સમજવા સદા તત્પર રહેતા.

સમાજશાસ્ત્રીય લેખન ગુજરાતીમાં લગભગ અજાણ્યું હતું ત્યારે, છેક ૧૯૬૦માં મેકઆઈવર અને પેજના દળદાર ગ્રંથ 'સોસાયટી'નો 'સમાજ' નામે અનુવાદ કરેલો. સમાજશાસ્ત્રને લગતું સાહિત્ય ગુજરાતીમાં ઉતારવાની અનિવાર્યતા પરખાતાં ૧૯૬૭થી 'સમાજ વિજ્ઞાન માળા' શ્રેણીનું સંપાદન પત્ની નીરાબહેનના સાથમાં શરૂ કર્યું. આ શ્રેણીનું વીસમું પુસ્તક 'મહિલા શ્રમશક્તિ' હજી આ વર્ષના જુલાઈમાં જ પ્રગટ થયું છે આ આખી શ્રેણી પોતે પ્રગટ કરી હોય તો કોઈપણ યુનિવર્સિટીએ ગૌરવ લઈ શકે તેવી છે. પણ ગુજરાતી પ્રજા તો બાપુઓ, ડિસ્કો દાંડિયા, લિયા-દિયાના કેફમાં જીવનારી પ્રજા છે એટલે અક્ષુભાઈ જેવા ઠોસ વિદ્વાનનું માન-સન્માન કરવાનું તેને ન સૂઝે એ દેખીતું છે. અક્ષુભાઈ જેવા વિદ્વાન અભ્યાસી, મરાઠીભાષી કે બંગાળીભાષી હોત તો એ પ્રજાએ એમને માથે ચડાવ્યા હોત. પ્રજાની વાત તો જવા દો. આપણી સંસ્થાઓ પણ કેટલી વામણી અને પાંગળી. ગુજરાતી સાહિત્ય પરિષદ નામની આપણી એક કહેવાતી સંસ્કાર-સંસ્થાએ મોટી સાઈઝનાં ૬૪૧ પાનાંનો "ગુજરાતી સાહિત્ય કોશ, ખંડ ૨ : અર્વાચીન કાળ" નામે દળદાર સંદર્ભગ્રંથ પ્રગટ કર્યો છે. તેમાં કુલ ૨૦૨ દેસાઈ અટકધારી લેખક-લેખિકાઓ વિષે નોંધ છે, પણ અક્ષયકુમાર રમણલાલ દેસાઈ વિષે તેમાં એક અક્ષર સુધ્ધાં નથી ! ચારસો રૂપિયા ગાંઠના ખર્ચીને આ કોશ વસાવ્યો છે એ યાદ ન આવ્યું હોત તો જરૂર ખુલ્લી બારીમાંથી તેનો છુટ્ટો ઘા કર્યો હોત ! ફટ છે સાહિત્ય પરિષદ તને. સ્થાપક રણજિતરામ વાવાભાઈનું નામ લજવ્યું.

આજથી ૨૯ વર્ષ પહેલાં અક્ષુભાઈ સાથે સંબંધની શરૂઆત થઈ તે આ લખનારનાં પત્નીને લીધે. પત્ની સમાજશાસ્ત્રની વિદ્યાર્થીની. પરણીને સાસરે આવી ત્યારે બીજા થોડાં પુસ્તકોની સાથે 'સમાજ'નો અનુવાદ પણ લેતી આવેલી. અક્ષુભાઈ અને નીરાબહેન સાથેએનો કૌટુંબિક પરિચય પણ ખરો. પછી તો નીરાબહેન અને અક્ષુભાઈને અવારનવાર મળવાનું થતું ગયું. ૧૯૬૭ના નવેમ્બરમાં પ્રગટ થયેલ પુસ્તક "ભારતીય સમાજ અને સંસ્કૃતિ-અભ્યાસ પ્રવાહો"ની એક નકલ પર ઝીણા, પણ સુવાચ્ય અક્ષરે લખ્યું છે. ચી. સૌ. વંદન અને ચી. દીપકભાઈને સસ્નેહ. નીરા, અક્ષય. છેલ્લાં થોડાં વર્ષોમાં મળવાનું જરા ઓછું થતું, પણ એ બન્નેની મમતા એવી જ અખંડ છે એની પ્રતીતિ મળીએ ત્યારે અચૂક થાય. એટલે જ રવિવારની વહેલી સવારે છાપાં હાથમાં આવતાંવેંત મને ઢંઢોળીને પત્નીએ લગભગ ચીસ પાડી; "અક્ષયભાઈ ગયા." ૭૯ની ઉંમર બહુ નાની તો ન કહેવાય. સ્વાસ્થ્ય કથળતું જતું હતું એય ખરૂં. છતાં હજી એ ચીસની ટીસ મનમાંથી શમી નથી. "અક્ષુભાઈ ગયા!"

**- દીપક મહેતા**

(મુંબઈ સમાચાર તા. ૩૦-૧૧-૧૯૯૪)

I knew, him both as an eminent Marxist thinker, and as an extremely humane individual, teacher and scholar. His death and departure from the Indian intellectual scene leaves me extremely sad and lonesome. He and I disagreed over a number of things, but he was a source of deep affection and harmony. Even though Prof. Desai held strong views on many things, at the personal and social level in extending courtesies to both the young and old he was unsurpassed. Despite our differences in pure ideology, towards the end our interests were converging as we both shared the concerns of civil liberty, human rights and the condition of the poor and the oppressed. This brought us even closer.

Prof. Rajni Kothari
(Times of India, 13.11.94)

# ડૉ. અક્ષયકુમાર દેસાઇ : લોકનિષ્ઠ વિદ્યાપુરુષ

આંતરરાષ્ટ્રીય ખ્યાતિપ્રાપ્ત સમાજશાસ્ત્રી, માર્ક્સવાદી ચિંતક અને લોકનિષ્ઠ વિદ્યાપુરુષ ડૉ. અક્ષયકુમાર દેસાઇના દેહવિલયથી ગુજરાતની અને દેશની શોષિત-પીડિત-દલિત-શ્રમજીવી જનતાએ પોતાનો એક વિરલ હમદર્દ ગુમાવ્યો છે. ૭૯ વર્ષની વયે ૧૨ નવેમ્બરના રોજ વડોદરામાં તેમનું અવસાન થયું છે.

૧૯૧૫માં વડોદરામાં જન્મેલા ડૉ. અક્ષયકુમાર દેસાઇ બહુમુખી પ્રતિભા ધરાવતા વિદ્વાન સમાજશાસ્ત્રી હતા. શિક્ષણ, રાજ્યશાસ્ત્ર, અર્થશાસ્ત્ર અને દર્શનશાસ્ત્રમાં નોંધપાત્ર પ્રદાન કરનાર અક્ષુભાઇએ પ્રાથમિક અભ્યાસ વડોદરામાં અને ઉચ્ચ અભ્યાસ મુંબઇમાં કર્યો હતો. એલ્ફિન્સ્ટન કૉલેજમાંથી કાયદાના અનુસ્નાતકની પદવીઓ તેમણે મેળવી હતી. મુંબઇ યુનિવર્સીટીમાંથી તેઓ સમાજશાસ્ત્રના વિષયમાં પી.એચ.ડી. થયા. ત્યારબાદ તે જ યુનિવર્સીટીમાં અધ્યાપક બન્યા અને સમાજશાસ્ત્ર વિભાગના વડા પણ બન્યા.

ડૉ. અક્ષયકુમાર દેસાઇએ અનેક પુસ્તકો દ્વારા ભારતીય સમાજશાસ્ત્રમાં પ્રદાન કર્યું છે. સોશિયલ બેકગ્રાઉન્ડ ઑફ ઇન્ડિયન નેશનાલિઝમ, રૂરલ સોશિયોલોજી, રિસન્ટ ટ્રેન્ડઝ ઇન ઇન્ડિયન નેશનાલિઝમ, ધ પ્રોબ્લેમ ઑફ રૂરલ ઇન્ડેટેડનેશ અને ઇન્ડિયન ફ્યુડલ સ્ટેટ્સ એન્ડ નેશનલ લિબરેશન સ્ટ્રગલ તેમનાં મહત્વનાં પુસ્તકો છે. સોશ્યાલિસ્ટ સ્ટડી સેન્ટર, સૂરત અને સી.જી. શાહ મેમોરિયલ ટ્રસ્ટ ડોક્યુમેન્ટેશન સેન્ટર, વડોદરા દ્વારા તેમણે અનેક લઘુ પુસ્તિકાઓ પ્રગટ કરી છે. છેલ્લાં અગિયારેક વર્ષથી તેઓ 'પડકાર' નામનું સામાયિક પ્રગટ કરતા રહ્યા છે.

ડૉ. અક્ષયકુમાર દેસાઈના અવસાનના સમાચારોમાં લગભગ તમામ ગુજરાતી અખબારોએ તેમને યુગમૂર્તિ વાર્તાકાર અને લોકપ્રિય નવલકથાકાર રમણલાલ વસંતલાલ દેસાઈના પુત્ર તરીકે ઓળખાવ્યા છે. પરંતુ ર. વ. દેસાઈના આ પુત્રએ ગુજરાતને પોતાનાં વંશાનુગત ઓળખ કરતાં આગવી અને અનોખી ઓળખ કરાવી છે તે નોંધવું જોઈએ. રમણલાલ દેસાઈએ પોતાની કીર્તિદા મહાનવલ 'ગ્રામલક્ષ્મી'માં પોતાના માનસપુત્ર 'અશ્વિન'ને જન્મ આપ્યો છે. લેખકે સમાજપરિવર્તનની પોતાની આકાંક્ષાઓ અશ્વિનના પાત્ર દ્વારા ઉજાગર કરી આપી છે. 'અશ્વિન' માં ખૂટતી બાબતોની પૂર્તિ ર. વ. દેસાઈના પુત્ર 'અક્ષય'કુમાર દેસાઈ એ કરી. માર્કસવાદી ચિંતનથી તેમણે ગુજરાતને પ્રભાવિત કર્યું છે. દલિતો, આદિવાસીઓ, સ્ત્રીઓ અને ઈતર પછાત વર્ગોનું હિત સદૈવ એમના હૈયે રહ્યું છે. આ વર્ગના લોકો પરના અત્યાચારો અને તેમના માનવીય અધિકારો માટે તે અવારનવાર ચિંતા અને ચિંતન વ્યક્ત કરતા રહ્યા છે.

ટ્રોટ્સ્કીવાદી સામ્યવાદી વિચારસરણી ધરાવતા ડૉ. એ. આર. દેસાઈએ મુંબઈથી પ્રગટ થતાં દૈનિક 'પ્રવાસી'માં સમાજવિજ્ઞાનની આરસીમાંથી' એ નામની કોલમ લાંબા સમય સુધી લખી હતી. આ કોલમનાં લખાણો જુદી જુદી પુસ્તિકાઓ રૂપે સુલભ છે. પોતાના આ લખાણોનો ઉદેશ જણાવતાં અક્ષુભાઈ લખે છે : 'મારા વિચાર-અનુભવ અને વિવિધ પ્રવૃત્તિઓ-આંદોલનો સાથેના સંપર્કમાંથી દેશની દલિત-શોષિત જનતાના સંદર્ભમાં હકીકતો. અન્વેષણો અને મહત્ત્વના પ્રશ્નો અંગે ચર્ચા જગાવી, પ્રગતિશીલ પ્રવાહોને સહાયરૂપ થતુ પ્રમાણભૂત લખાણ કરતાં રહેવું તે છે.'

૧૯૮૨માં ગુજરાતી સાહિત્ય પરિષદના વનસ્થલી જ્ઞાનસત્રમાં 'સર્જાતા સાહિત્યમાં શોષિત સમાજ' વિષય પર યોજાયેલી ચર્ચામાં એમને પ્રથમવાર સાંભળેલા. ત્યારથી તેમની સાથે નાતો બંધાયેલો. વનસ્થલી જ્ઞાનસત્રમાંથી પરત આવતી વખતે જ ગુજરાતમાં વિનાશકારી વાવાઝોડું ફૂંકાયેલું તેનો અનુભવ થયેલો. વાવાઝોડાના વા વચ્ચે અડધીરાત સૂરત રેલ્વે સ્ટેશનના પ્લેટફોર્મ પર અક્ષુભાઈ સંગાથે ગાળેલી તે હજુય યાદ છે. હજુ થોડા મહિનાઓ પહેલાં જ અમદાવાદમાં વિસ્થાપિતોની પરિષદ વખતે મળવાનું થયેલું. જીવનપર્યંત સક્રિય રહેલા જૂજ વિદ્વાનો પૈકીના એક એવા અક્ષુભાઈએ વડોદરામાં ડોક્યુમેન્ટેશન સેન્ટર ઊભું કરી આવનારી પેઢી માટે મોટું વિચારભાથું તૈયાર કરી આપ્યું છે. તે માત્ર બૌદ્ધિક જ નહોતા પણ કર્મશીલ પણ હતા. દલિતો-આદિવાસીઓ-કામદારો-કિસાનોના સંઘર્ષમાં તેઓ સક્રિય સાથ આપતા. ગુજરાતના અનામત વિરોધી આંદોલન કે દલિતો-આદિવાસીઓના માનવ અધિકારોના ભંગનો વિરોધ કરવામાં એ સદા અગ્રેસર રહેતા.

પ્રસિદ્ધિની ખેવના વિના પોતાના કાર્યને વળગી રહેનારા ડૉ. દેસાઈને જાણીતા કવિ ડૉ. સુરેશ દલાલે ઉચિત રીતે જ અધ્યાપકોના અધ્યાપક ગણાવ્યા છે. શિક્ષણક્ષેત્રના તેમના પ્રદાન બદલ ૧૯૮૭માં તેમને પ્રણવાનંદ પુરસ્કાર આપવામાં આવ્યો હતો. જયંતી બારોટ અને વિલ્ફ્રેડના સંયોજકત્વવાળી સન્માન સમિતિએ ૧૯૯૦માં, અમદાવાદમાં, જીવણલાલ જયરામદાસ અને ડૉ. જગન્નાથ વોહરા સાથે તેમને પણ સન્માન પુષ્પોથી નવાજ્યા હતા.

દિલ્હી યુનિવર્સિટીના સમાજશાસ્ત્ર વિભાગના પ્રો. એ. એમ. શાહે અક્ષુભાઈ વિશે કહ્યું કે, જુનિયર સાથીદારો અને વિદ્યાર્થીઓને તેઓ હંમેશા ધરપત આપતા હતા. પ્રો. દેસાઈ સમાજના કચડાયેલા વર્ગના શાસ્ત્રી હતા. ગરીબો અને પદદલિતો માટે તેમણે અત્યંત ધીરજપૂર્વક

કાર્ય કર્યું હતું. તેમને સામાજિક સંઘર્ષના યથાર્થદર્શી નિરીક્ષક તરીકે હંમેશા યાદ રાખવામાં આવશે. મુંબઈની એસ. એન. ડી. ટી. કૉલેજના સમાજશાસ્ત્ર વિભાગના વડા ડૉ. સુજાતા પટેલે અક્ષુભાઈને એક સંસ્થારૂપ વ્યક્તિ ગણાવતા જણાવ્યું કે નાનામાં નાની વ્યક્તિથી લઈ મોટી વ્યક્તિને માર્ગદર્શન આપવા તેઓ સદા તત્પર રહેતા. નિવૃત્તિ બાદ પણ સમાજને તેમણે આપેલી સેવાઓ તથા સમાજશાસ્ત્ર માટે તેમણે ચીંધેલો માર્ગ અપૂર્વ હતો. માનવ અને નાગરિક અધિકારો માટે તેઓ જીવનભર ઝઝૂમનારા હતા. જાણીતા નારીવાદી કાર્યકર ડૉ. વિભૂતિ પટેલ, અક્ષયભાઈને અજાતશત્રુ ગણાવતાં કહે છે કે, જીવનમાં સમાજવાદની સાથે સાથે માનવતા કઈ રીતે કેળવવી એની શીખ મને તેમની પાસેથી મળી હતી. દિલ્હી સ્કૂલ ઓફ ઈકોનોમિક્સના પ્રો. બટેલી અક્ષયકુમાર દેસાઈના પ્રદાન અંગે નોંધે છે કે : પ્રો. દેસાઈ ઉદાર અને ઉષ્માભર્યા હૃદયવાળા આદમી હતા. તેઓ માર્ક્સવાદી હતા. ભારતીય સમાજની વર્ગવ્યવસ્થા અને વિરોધાભાસો અંગે તેઓ દૃઢ વિચારો ધરાવતા હતા. ભારતીય સમાજનાં વિવિધ પાસાંઓ વિશેના તેમના અભ્યાસને સમાજવિજ્ઞાનના વિદ્યાર્થીઓ સીમાચિહ્નરૂપ માને છે.

જનતામાં એક નવી ચેતના જાગ્રત થઈ રહી છે. તેમના સંઘર્ષો વધુ બળવત્તર બની રહ્યા છે. તો તેમની સમસ્યાઓ વધુ વકરી રહી છે. શ્રમજીવી વર્ગના, શોષિતોના, પદદલિતોના અનેક 'પાયાના પ્રશ્નો' ઉકેલ માંગતા પડ્યા રહ્યા છે તે તરફ સતત અંગુલીનિર્દેશ કરતાં રહીને ડૉ. અક્ષયકુમાર દેસાઈએ આપણી વચ્ચેથી વિદાય લીધી છે. આ લોકનિષ્ઠ વિદ્યાપુરુષના નિધનથી આપણે વધુ રાંક બન્યા છીએ.

- **ચંદુ મહેરિયા**
(નયા માર્ગ - સાભાર)

> "શોષણ, સીતમ, અન્યાય અંગે તકવાદી વલણ, કામગીરી અંગે તેજોદ્વેષ, સારા કાર્યકરોને ઉતારી પાડવામાં પ્રચાર એ સત્તાભૂખ્યાઓનો કાર્યક્રમ હોય છે, પરંતુ મારો ૬૦-૬૫ વર્ષનો અનુભવ કહે છે કે સામાન્ય શ્રમિક જનતામાંથી નવી પેઢી ઉભરતી હોય છે તે તરફ ધ્યાન આપી એમાંથી નવી નેતાગીરી તૈયાર કરવી એ લાંબાગાળાનું સર્વ સંવેદનશીલોનું કાર્ય છે.
>
> સામાન્ય શ્રમજીવી માણસમાં ઊંડી શ્રદ્ધા એ જ આપણા ઉત્સાહ માટે પ્રેરણા છે. "
>
> (મૌન બલોલી, અમદાવાદને તા. ૨૮-૮-૯૪ના લખેલા પત્રમાંથી)

# લાલ સલામ અક્ષયકુમાર દેસાઈને

એંશી વરસની ઉંમરે યુવાનને પણ શરમાવે તેવું જેનું કામ સહેજ પણ થાક નહીં અને હાલતી ચાલતી જ્ઞાનની પરબ સમા અક્ષયકુમાર દેસાઈ એટલે એક એવું વટવૃક્ષ જેની છાયામાં દલિતો, શોષિતો, પીડિતો, વિદ્યાર્થીઓ અને અધ્યાપકોને હૂંફ મળે અને જેણે સેતુ બનીને બુધ્ધિજીવીઓને સમાજના નબળા વર્ગો પ્રત્યે આપણું શું ઉત્તરદાયિત્વ છે તેનું સતત ભાન કરાવ્યું. ગુજરાતમાં એવી એકપણ લડત નહિ હોય જેમાં અક્ષયકુમારનું યોગદાન ન હોય. ગરીબોની કોઈપણ લડત ચાલતી હોય તે લડતને પ્રોત્સાહિત કરે, માર્ગદર્શન આપે તેનું એનાલીસીસ કરીને લોકો સમક્ષ રજૂ કરે. સતત વાંચન, લેખન અને અનેક લોકોને મળવાનું, સંગઠનો રચવાના અને બધાને કામ કરતા કરવાના. આમ પ્રવૃત્તિશીલ રહેવા છતાં માનવીય સંબંધોમાં જરાપણ કચાશ આવવા ન દે. કોઈ પણ વ્યક્તિને મળવા તે સામે ચાલીને જાય. આટલી મોટી વિદ્વાન વ્યક્તિ હોવા છતાં નમ્ર પણ એટલા જ. નાનામાં નાના માણસ સાથે પણ આત્મીયતાથી વાત કરે. તેમનામાં કોઈ મોટાઈ નહીં, આડંબર નહિં આવું આજના જમાનામાં અનેક રસાયણો ભરેલા હોય તેવું વ્યક્તિત્વ ભાગ્યેજ જોવા મળે. ૧૨મી નવેમ્બરે છેલ્લા શ્વાસ સુધી ગરીબો, માટે ચિંતીત રહીને લડત આપતા આપતા અચાનક આપણી વચ્ચેથી ચાલ્યા ગયા છે. તેમના જીવનની થોડી ઝાંખી જોઈ લઈએ.

પિતા રમણલાલ વ. દેસાઈ વડોદરા રાજ્યમાં સરકારી વહીવટદાર અને સાહિત્યકાર. તેથી સર્જન શક્તિ વારસામાં પ્રાપ્ત થઈ. પિતાજીની બદલી તાલુકાઓમાં થતી તેથી ગ્રામ્ય જીવનના સહવાસમાં આવેલા દલિતો, શોષિતો અને ગરીબો પ્રત્યે બાળપણથી જ હમદર્દી જાગી. અભ્યાસ પૂર્ણ કર્યા બાદ અધ્યયન કાર્યનો પ્રારંભ કર્યો. ઉત્તમ અધ્યાપક હતા જે વિષય ભણાવવાનો હોય તેની પૂર્વ તૈયારી કરીને જ ક્લાસમાં પ્રવેશતા અને વિદ્યાર્થીઓને અંગ્રેજી પુસ્તકો સાદી, સરળ ભાષામાં સમજાવતા. અધ્યાપન કાર્ય કરતાં કરતાં ૧૯૪૮માં 'Social background of Indian Nationalism' પુસ્તક પ્રકાશિત કર્યું ત્યારબાદ અવિરત જુદા જુદા વિષયો પર જેવા કે Rural Sociology, slums and Urbanization, Marxist approach, Democratic Rights, Labour Movements વગેરે વિષયો પર ૫૦થી વધુ અંગ્રેજી પુસ્તકો પ્રકાશિત કર્યા. ગુજરાતીમાં સમાજશાસ્ત્રના ત્રણભાગોને સરળ રીતે મૂકવાનું મોટું યોગદાન તેમણે કર્યું. ગુજરાતી ભાષામાં ૨૫ ઉપરાંત પુસ્તકો પ્રકાશિત કર્યા. તેમાં વિકાસ યોજના, સમાજવાદ, જ્ઞાતિવ્યવસ્થા, શિક્ષણનું સમાજશાસ્ત્ર, હરિજન સમસ્યાઓનો

સામાજિક સંદર્ભ, ઝૂંપડાવાસીઓની સમસ્યાઓ, ભારતમાં જ્ઞાતિ અને કોમી હિંસા. તેઓએ લખેલા અને સંપાદિત કરેલા પુસ્તકોની યાદી એટલી બધી લાંબી છે કે તે જોઈને આપણા મનમાં સહજ રીતે થાય કે તેઓ એક વ્યક્તિ હતા કે ચાલતી જ્ઞાનની પરબ એ જ સમજ ન પડે.

તેમને હંમેશા જ્ઞાનની ભૂખ રહેતી જે સાહિત્ય અપ્રગટ છે, જે નરી આંખે દેખાય છે અને તે મળી શકે તેમ હોય તો ત્યાં જઈને સામે ચાલીને લઈ આવતા. આંકડાઓ - માહિતીઓ ડોક્યુમેન્ટેશન સેન્ટરમાં એકઠા કરી તેને સુંદર રીતે પુસ્તકોમાં કે લેખોમાં રજૂ કરતા. તેમના જીવનના અનેક પાસાંઓ હતાં. તેમાંના ધ્યાન ખેંચતા પાસાંઓમાં તેઓ સાહજિકતાથી સંબંધ બાંધીને તેને કેળવતા. અવારનવાર પત્રો લખે, ખબર અંતર પૂછે અને મળવા પણ સામે ચાલીને આવતા. તેમનો ચહેરો સદા હસમુખો. તેમનામાં સેન્સ ઓફ હ્યુમર પણ વધારે. હસાવતા હસાવતા ગંભીર વાત સમજાવી દેવાની તેમની આવડત દાદ માંગી લે તેવી હતી. પ્રવર્તમાન શાસનના અને વહીવટકારોના એ કડક ટીકાકાર હતા. અર્થશાસ્ત્રની ફોરેનમા ચર્ચા કરવાને બદલે ગુજરાતના ભૂમિહિનોની શું સ્થિતિ છે તેનો અભ્યાસ કરો તેવું તેઓ અનુરૂપ તર્કશુધ્ધ દલિલો સાથે કહેતા. સમૂળી ક્રાન્તિ કરવા સમાજના પ્રસ્થાપિત મૂલ્યોને પડકારવાનું કામ તેમણે કર્યું. તેમણે ધાર્યું હોત તો સરકારી પ્રલોભનો લઈને સર્વોચ્ચ શિખરો સર કર્યા હોત પરંતુ તેમણે એવી ખેવના રાખી ન હતી. તેમની નજર હંમેશા ગરીબો અને તેમાં પણ સમાજના છેવાડાના માણસ પ્રત્યે રહેતી દેશના પ્રાણ પ્રશ્નોમાં પણ ગરીબોને કેન્દ્રમાં રાખીને તેઓ વિચારો રજૂ કરતા. કોમી હુલ્લડ, અનામત વિરોધી આંદોલન, મહિલાઓની સમસ્યાઓ હોય કે નવી આર્થિક નીતિ, એક જાગૃત વિચારક તરીકે પોતાનો મત પડકાર નામના સામાયિકમાં તથા નાની નાની પુસ્તિકાઓ પ્રકાશિત કરીને લોકો સમક્ષ મૂકતા. તેમની મહેચ્છા હતી કે આપણાંમાં અનેક મતમતાંતરો હોવા છતાં દલિતો અને ગરીબો માટે એક થઈને લોકપ્રિય ફ્રન્ટ ઊભો કરીને લડત આપવી જોઈએ.

મહાન માણસનું મૃત્યુ મહત્વનું હોતું નથી તેઓ આપણા ભાગે શું મૂકતા ગયા છે તે મહત્વનું હોય છે. તેઓ શાસ્વત દેહમાં હોવા છતાં એક વિચાર હતા. ઉગતો દલિત કવિ હોય કે આદિવાસી બધાને હૂંફ આપવી અને સાથે સાથે વાસ્તવિકતાનું ચિત્રણ કરવું અને તેનું સૈધ્ધાંતિક અર્થઘટન કરવું અને તે અનુસાર સામાજિક લડતમાં સંકળાયા હોય તેની સાથે તાદાત્મ્ય કેળવવું. જીવનના છેલ્લા શ્વાસ સુધી આ ક્રમ રહ્યો. તેમના વિચારોમાં હંમેશા પ્રોબ્લેમોની ચર્ચા જોવા મળતી. ઈન્ટેલેક્યુઅલ હોવા છતાં સહકાર આપતા. ઈન્ટેલેક્યુઅલ અને હ્યુમેનીઝમનો સમન્વય તેમનામાં જોવા મળતો. તેમણે જબરજસ્ત મોટા સ્તંભ તરીકે કામ કર્યુ છે. તેમની ગેરહાજરી અવસ્થ સાલશે. આજે સામાન્ય માણસ અસામાન્ય પ્રશ્નો નીચે કચડાઈ રહ્યો છે, શોષણ સામેની લડત ચાલુ છે ત્યારે તેમની વિદાય વસમી લાગશે પરંતુ ચિંધેલુ માર્ગદર્શન અને વિચારોને લઈને ઝુંબેશ આગળ વધારીશું તો તેમને સાચી અંજલિ આપી ગણાશે.

- કાન્તિલાલ મકવાણા "કાતિલ"

## આપણે આટલું કરીએ ?

'પડકાર'ના અનેક શુભેચ્છકો, પ્રશંસકો, સમર્થકો, સંસ્થાઓ અને વાચકોની ઈચ્છા 'પડકાર'ને નવી આવી પડેલી પરિસ્થિતિમાં પણ ત્રિમાસિક તરીકે ચાલુ રાખવાની છે. આ માટે આપણે સૌ આટલું કરીએ તો ?

વાર્ષિક યોગદાનની રકમ રૂ. ૨૦/- સમયસર મોકલી આપીએ.

રૂ. ૨૫૦/- કે તેથી ઉપરની રકમ ઈચ્છાનુસાર મોકલી સ્વૈચ્છિક યોગદાન કરીએ.

'પડકાર'ને વધુ વાંચનસભર અને સ-રસ બનાવવા 'પડકાર'ના ઉદ્દેશોને સિધ્ધ કરવા લેખક મિત્રો તેમજ સંસ્થાઓ લેખો, પ્રવૃત્તિઓના હેવાલો તથા અન્ય માહિતીઓ નિયમિત રીતે મોકલતા રહીએ.

# અક્ષુભાઈનાં સંભારણાં

મુ. અક્ષુભાઈ દેસાઈના અણધાર્યા અવસાનથી ગુજરાતે - ભારતે એક મોટા ગજાનો કર્મશીલ અને બહુમુખી પ્રતિભા ધરાવતો એક અચ્છો ઈન્સાન ગુમાવ્યો છે.

અક્ષુભાઈને મળવાની નાનપણથી તીવ્ર ઈચ્છા હતી. ૧૯૫૨-૫૩ની વાત છે. વડોદરામાં ચિતણીયા શેરીમાં એ અમારે ઘેર આવેલા. મુંબઈ યુનિવર્સિટીનાં એક પંકાયેલા અધ્યાપક, સતત વાંચતા-લખતા-વિચારતા વિદ્વાન અને તેજસ્વી બુધ્ધિવાળા તેમજ દબાયેલા, શોષિત વર્ગોની તરફદારી કરતા એક સંવેદનશીલ માણસ તરીકે એમનું નામ અમારા ઘરમાં વારંવાર બોલાતું. એમના વ્યક્તિત્ત્વની એટલી તો સુવાસ કે એ અમારે ઘેર આવે તોયે અમને તો સંકોચ જ થાય. આ અમારી લઘુતાગ્રંથિ હતી. અમને દેશ દુનિયા-સમાજ વિષે કશું પૂછશે અને અમને નહિ આવડે તો શી વલે થશે એ ભય પણ અમને અંદરથી ખરો.

અક્ષુભાઈ તો આવતાંની સાથે અમારા ઘરના હિંચકા પર બેસી ગયા અને અમારાં માતુશ્રી સાથે તુવેરની શીંગો ફોલાવતાં ફોલાવતાં એમની લાક્ષણિક ઢબે વાતોમાં એટલા તો મશગૂલ બની ગયા કે અમે આનંદથી દિગ્મૂઢ બની રહ્યા. એમણે અમારા ભાઈભાંડુઓમાં ઊંડો રસ દાખવ્યો. અમને ખૂબ પ્રોત્સાહન આપ્યું. પાછળથી એમણે અમને એમ કહ્યાનું યાદ છે કે અમારાં માતુશ્રી ઈન્દુબહેનનો ઉલ્લેખ શ્રી ઈંદુલાલ યાજ્ઞિકની આત્મકથામાં આવે છે. ખૂબ જ નિખાલસ, અત્યંત સંસ્કારી અને અભિજાત તથા અતિશય સરળ માણસ તરીતે મારા માનસ પર એમની છાપ કાયમ રહી.

ત્યાર પછી તો એમને સાંભળવાની, મળવાની, એમનાં લખાણો વાંચવાની એક પણ તક હું ચૂક્યો નહિ. એ કાળે અમે બધા શ્રી રાવજીભાઈ પટેલને (મુ. મોટા) રેનઝાં ક્લબમાં અમારે ઘેર નિયમિત મળતાં. અમે એમ. એન. રોય, ફ્રિડમ, ઈન્ડિવીડ્યુઅલ ઓટોનોમી, રેશનાલીટી, વૈજ્ઞાનિક અભિગમ, પાર્લામેન્ટરી ડેમોક્રસી વગેરે વગેરે વિષે ચર્ચાઓ કરતાં. વારંવાર, રેડિકલ હ્યુમેનિસ્ટમાં પ્રગટ થતા વિચારો અંગે પણ ચર્ચાઓ થતી રહેતી હતી.

રાવજીભાઈના તદ્દન મૌલિક અને તાજગીભર્યા વિચારોથી અમે આકર્ષાયે જતા હતા. રાવજીભાઈ જે વિચારો રજૂ કરતા એ પણ સાચા લાગતા અને અક્ષુભાઈની સામ્યવાદી વિચારધારા એટલી જ સાચી લાગતી હતી. એ કાળે મારા જેવા માટે આમાં શું સાચું અને શું ખોટું એની ગતાગમ પડવી અઘરી.

એક દિવસ મારા ભાઈ મકરંદ તથા મને વિચાર આવ્યો કે રાવજીભાઈ તથા અક્ષુભાઈનો સામસામો ભેટો કરાવી નાખ્યોં હોય તો એ મલ્લકુસ્તીમાંથી કંઈ તોડ નીકળે. નક્કી કરેલા દિવસે અમે બંને વડોદરામાં એમને ઘેર ("કૈલાસ") પહોંચી ગયા. ૧૯૫૮નો મે મહિનો હતો. અક્ષુભાઈને અમે વાત કરી. એમણે અમારે ઘેર રાવજીભાઈ તથા અમારા ગ્રુપને મળવાની સહજ તૈયારી બતાવી.

સામાન્ય વાતચીત પછી રાવજીભાઈ તથા અક્ષુભાઈ વચ્ચે લગભગ બેત્રણ ક્લાક સુધી ગહન ચર્ચા ચાલી. અક્ષુભાઈ તો સિગારેટ પીએ નહિ પણ અમારૂં ગ્રુપ પીએ. ચર્ચાના મુદ્દાઓ યાદ નથી પણ એ ધૂમ્રસેરો યાદ છે. ઉનાળાની એ સાંજ જીવનપર્યંત યાદ રહેશે.

કોઈ ઊંચાઈએથી બાળક પડે એવી સ્થિતિ હોય ત્યારે એને ઊંચકી લેવું જોઈએ એમ અક્ષુભાઈ કહે અને એ જવાબદારી તો બાળકની પોતાની છે એમ રાવજીભાઈ કહે, આવું ચર્ચાયાનું ઝાંખુ ઝાંખુ યાદ છે. વાત શરૂ થયેલી Whole અને Part ઉપરથી. અક્ષુભાઈએ ઘડિયાળનો દાખલો આપીને કહેલું કે ઘડિયાળના નાના નાના અસંખ્ય ભાગો એ ઘડિયાળ નથી પરંતુ એ બધા વ્યવસ્થિત રીતે ગોઠવાઈને જ ઘડિયાળ સ્વરૂપે આવે છે. જ્યારે રાવજીભાઈનું દ્રષ્ટિબિંદુ ઘડિયાળના નાના નાના સ્વતંત્ર ઘટકોની સ્વાયત્તતાની હિમાયત કરતું હતું. ત્યારબાદ mind અને matterની ચર્ચા ચાલી. પ્રાગૈતિહાસિક સમાજ વિષે પણ વાતો થઈ. હેગલ, માર્ક્સ, કેન્ટ ગાર્ડનર મર્ફિ સ્પિનેઝા વગેરે નામો મારે કાને અથડાતા હતા. એ કાળે કોણ સાચું અને કોણ ખોટું એનો નિર્ણય મારો દિમાગ કરી શકેલો નહિ.

અક્ષુભાઈએ અવસાનના થોડા સમયમાં પહેલાં જ હસતે હસતે આ વાત સંભારી હતી અને બોલેલા કે - તમે ખરા કૂકડા લડાવ્યા'તા.

૧૯૭૩માં વડોદરામાં દાંડિયા બજાર ખાતે એક પૂરા અઠવાડિયાની શિબિરમાં અમે ફરી અક્ષુભાઈના હાથે જ ભણ્યા. મને એમનો બેસી ગયેલો અવાજ અને દાંતના ચોકઠાને વારંવાર ઠીક કરવા સતત હોઠ પર દબાવતો હાથ - એ જોઈને લાગતું કે અક્ષુભાઈ હવે પોતાનું વક્તવ્ય પુરૂં કરી શકશે નહિ. પરંતુ મારા આશ્ચર્ય વચ્ચે એ તો ક્લાકો સુધી અવિરતપણે પોતાનું વક્તવ્ય ખૂબ રસપ્રદ બનાવીને રજૂ કર્યે જતા હતા. એમની Psychic અને Physical Energyનું રહસ્ય એમની પ્રશ્નો પરત્વેની નિષ્ઠામાં છુપાયેલું હતું. એક મેધાવી પ્રતિભા ધરાવનાર વિદ્વાન સાથે સમાનતાના સંબંધો સ્થપાયાનો મનમાં અતિશય આનંદ હતો. સ્ટેલિનવાદના Dehumanising Processના એ કટ્ટર વિરોધી હતા. એ વખતે હું ઉંમરે મોટો થયો હતો. મને લાગ્યું કે ત્રીજા વિશ્વના દેશોનો ઉદ્ધાર થવાનો હશે તો રોયવાદથી તો નહિ જ પણ સામ્યવાદથી જ થશે.

થોડાં વર્ષ પહેલાં મકરંદ તથા હું અમદાવાદમાં આકાશેઠ કૂવાની પોળમાંથી એમને મારે ઘેર વાતો કરવા બોલાવી લાવ્યા હતા. અમારા

દાદા કવિ જેઠમ્ અક્ષુભાઈના દાદા વસંતલાલના મિત્ર હતા અને વારંવાર એમને ઘેર ધામા નાખતા હતા - એ બધા વિષે જાણવું હતું.

અમારા દાદા મહુધાના મોટા જમીનદાર હતા. ખૂબ જ કૃપણ, રૂઢિચુસ્ત સનાતની હિન્દુ. એમની કવિતાઓ ખૂબ જ લાંબી, કંટાળાજનક અને ઈશ્વરસ્તુતિથી ભરેલી રહેતી. ગાંધીજીની હરિજન મંદિર પ્રવેશની ઝુંબેશની કવિ જેઠમે કડક ટીકાઓ કરતી કવિતાઓ છપાવી હતી. અમે અક્ષુભાઈને આ વાત કરી અને પૂછ્યું. - 'આવી વ્યક્તિ તમારા જેવા પ્રગતિશીલ કુટુંબમાં કઈ રીતે નભી શકી ?' અક્ષુભાઈ બોલ્યા, 'જેઠમ કવિને તમે ગમે તે કહો - કંજુસ કહો, પરંપરાગત ધાર્મિક વિચારસરણીવાળા કહો પણ એમનો અમારા કુટુંબ ઉપર એક ઉપકાર હતો. મારા દાદા વસંતલાલ એ ઉપકાર કદી ભૂલ્યા નહોતા. જ્યારે વસંતલાલ એક મોટી આર્થિક કટોકટીમાં હતા ત્યારે તમારા દાદાએ અણીના પ્રસંગે એમને મદદ કરી હતી.' આ વાત અમારા સમગ્ર કુટુંબ માટે નવી જ હતી કેમ કે ચમડી તૂટે પણ દમડી ના છૂટે એનું મૂર્તિમંત સ્વરૂપ એટલે જેઠમ કવિ.

એવી જ સાંજ - અંક બીજો : ત્રીસી ચાળીસીના દાયકાનું વડોદરા - ગાયકવાડી શાસન દરમિયાનનું લોકજીવન, માણેકરાવદાદાની અખાડા પ્રવૃત્તિ દ્વારા રાષ્ટ્રીય ચેતનાની લોકો પર પડેલી અસર, રમણલાલના ઘરમાં યોજાતી ઓમકારનાથ તથા ફૈયાઝખાંની મહેફિલો, પૃથ્વીરાજ કપૂર નાટકોનો કાફલો લઈને વડોદરા આવ્યા હતા તેમજ એમના ઘરની મહેમાનગતિ માણી ચૂક્યા હતા તે વાત, એ જમાનાના સિનેમા તથા રંગભૂમિના નટ-નટીઓ, વડોદરા યુનિવર્સિટીનું રાજકારણ અને નાગરજ્ઞાતિના પણ વાડાઓ તથા એમનું સ્વકેન્દ્રીત જગત અને એમના કુટુંબો વચ્ચે થતી ઈર્ષાઓ અને ઝેરીલી હરિફાઈ તથા ૧૯૫૦ના દાયકા દરમિયાન એ જ્ઞાતિમાંથી નીચલી પરજ્ઞાતિમાં થતાં લગ્નોને કારણે આવેલા આંચકા..... વગેરે પર અક્ષુભાઈનું વિશ્લેષણ જો ટેઈપ કરી લીધું હોત તો એ સમયની તાસીર કઈ રીતે વિકસી રહી હતી એ સમજવામાં ખૂબ કામ લાગત.

થોડાં વર્ષો પહેલાં વાપી ખાતે ઈતિહાસ ઉપર એક સેમિનાર હતો. મોડી રાત સુધી ખૂબ વાતો થઈ. રશિયામાં જે કંઈ બન્યું તેને એમણે સંક્રાંતિકાળનો તબક્કો ગણાવેલો. વૈશ્વિક સ્તરે શોષણવિહીન અને સમતાવાદી સમાજરચના એક ઐતિહાસિક અને વાસ્તવિક પ્રક્રિયા છે એવો દૃઢ આશાવાદી સૂર એમનો હતો.

અક્ષુભાઈને સુંવાળું જીવન જીવતા ઊપલી જ્ઞાતિના અને ખાસ કરીને શહેરી Careerist યુવકો દ્વારા આરામખુરશીમાં થતી ચર્ચાઓ પ્રત્યે સૂગ હતી, એમાં અમે બધાં આવી જતાં. ભારતમાં સમાજવાદ આવે ત્યારે અને તો એક Socialist માણસ કેટલો સૌજન્યશીલ, બૌદ્ધિક રીતે પ્રતિબધ્ધ, વિવેકી, સતત ક્રિયાશીલ અને Superior morality ધરાવનારો હોઈ શકે એ જાણવા માટે અક્ષુભાઈનાં જીવન અને લખાણ જાણવા પડે.

મને અંગત રીતે એ કહેતા : તું કંઈક તો કર-તનથી, મનથી અને કંઈ નહિ તો ધનથી.

- **કુંતલ જે. મહેતા**
(નયા માર્ગ - સાભાર)

---



## પૂ. અક્ષુફુઆને ભાવાંજલિ

સાવ અચાનક વહી ગયા અક્ષય જ્યમ વહે જળનાં નીરા
સંસારી થઈને પણ જીવ્યા જીવતર જ્યમ ફકીરા
ઋણાનુબંધ આવો તે કેવો? કર્મઠ રહ્યા જીવનભર અક્ષયપાત્ર
અખંડ રાખીને વાજ્યાં અલખ મંજીરા...

હૈયે હૈયે વસી રહ્યા' તાં, યાદ અમે શું શું કરીએ?
સાચેરા માનવ અક્ષયને, શું કહી અંજલિ દઈએ?
સંબંધોનાં સમીકરણ ના સ્પર્શ્યાં તમને પલભર
સુખદુખના જીવનમાં આવ્યાં ફર ફર ફર સમીરા.

વર્તમાનથી ભૂતકાળમાં સરતાં ન વાર લાગી
કૈંક પ્રસંગો આવી આવી ખખડાવે છે દ્વાર
દ્વાર ખોલીને જોયું ત્યાં તમ ઝાંખી દેખી છાયા
હૃદિયામાં જે પડ્યા સ્મરણમાં કેમ પુરાશે ભાયા?

**ગૌરવ ધ્રુવ**, મુંબઈ

# ડૉ. સુધાબહેન દેસાઈની વસમી વિદાય

"વડોદરામાં અને બીજા સ્થળોએ થતી ભવાઈની છાપ ઝીલનાર હજી ઘણી વ્યક્તિઓ છે અને હશે. શિષ્ટતા આગ્રહી નીતિમાનો કદાચ લુપ્ત થતી આ ભવાઈની કળાના બીભત્સ અભિનયને આવકારવા પ્રત્યે અણગમો બતાવે એ ખરૂં. પરંતુ ભવાઈ એ માત્ર બીભત્સ દ્રશ્યોની કળા નથી, એની પ્રતીતિ આપણને વડોદરામાં ઘડિયાળી પોળના નાકે અંબામાતા સમક્ષ અને કાળકામા સમક્ષ થતી નાગરોની, રાજપૂતોની, કંસારાઓની ભવાઈ જેમણે જેમણે જોઈ છે તેઓને થઈ છે - આમાં નાટ્યતત્ત્વ રહેલું છે".

ભવાઈની કળા વિશે ઉપરોક્ત અભિપ્રાય હતો વડોદરાના ડૉ. કુ. સુધા દેસાઈનો; જેઓ ગુજરાતી સાહિત્યના જાણીતા સર્જક રમણલાલ વસંતલાલ દેસાઈનાં સુપુત્રી થાય. સુધાબહેને ભવાઈ વિશે રસિકલાલ પરીખના માર્ગદર્શન હેઠળ સંશોધન કાર્ય કરી, પીએચ.ડી. ની પદવી મેળવી. તેમણે આ શોધ-નિબંધ પુસ્તકરૂપે પ્રગટ કરીને ભવાઈ-સાહિત્ય પર પ્રકાશ પાથરી, ભવાઈરસિકોને માહિતી પૂરી પાડવાનું ઉત્તમ કાર્ય કર્યું છે. સુધાબહેનને નાટકોનો શોખ હતો જ, બાળપણમાં ભવાઈ કલાકારોનો સંપર્ક થયો. બંને રસ ભેગા થયા અને સંશોધન કાર્ય સુપેરે સંપન્ન થયું.

લોકવિદ્યાના અભ્યાસ માટે તેઓ અમેરિકામાં બે વર્ષ રહી તજજ્ઞ બન્યાં. લોકનાટ્ય ભવાઈ શૈલીના સંશોધનકાર્યમાં ઉત્તર ગુજરાત અને સૌરાષ્ટ્રમાં ઘણું ફર્યાં. અમુક કોમના લોકો પોતાના પ્રણાલિગત રિવાજો નૃત્યશૈલી દ્વારા રજૂ કરે છે તેનું પણ સંશોધન કર્યું. ભવાઈના સામાજિક-ધાર્મિક પાસાને સ્પર્શતા વેશો સંદર્ભે તેમણે બતાવ્યું કે આપણી આ કલા મંદિર સાથે, ધર્મ સાથે સંકળાયેલી છે. માતાજીના આંગણામાં ધાર્મિક વિધિ તરીકે ભવાઈ શક્તિની ઉપાસનાનું એક અંગ છે. સુધાબહેનનું માનવું હતું કે સાચી કલા ઊંચા પ્રકારની તૈયારી માગી લે છે.

સુધાબહેન લેખો, વાર્તાઓ, સ્વાનુભાવો, લોકસાહિત્યનું વિશ્લેષણ 'લોકસાગરના રત્ન', 'સંસ્કાર લક્ષ્મી', 'કંકાવટી', 'સાહિત્ય, સમાજ અને સંસ્કાર' વગેરે લખાણો દ્વારા અને અખબારી-કટાર અને આકાશવાણી દ્વારા લેખિકા તરીકેનું પ્રદાન કરતાં રહ્યાં. મરાઠી લેખક ડૉ. વિલાસ સંગમ કૃત 'સામાજિક માનવશાસ્ત્ર' પુસ્તકનું ગુજરાતી ભાષાંતર સુધાબહેને ઉપલબ્ધ કરાવ્યું. વડોદરાની મ્યુઝિક કૉલેજ તેમજ નડિયાદની કૉલેજમાં વિઝિટીંગ વ્યાખ્યાતા, પરીક્ષક તરીકે તેમણે સેવાઓ આપી. સુધાબહેનને ૧૯૯૨નો સંસ્કાર એવૉર્ડ મળ્યો હતો.

વડોદરાની એસ.એન.ડી.ટી. કૉલેજમાં પ્રિન્સિપાલ તરીકે ૨૫ વર્ષ સેવા આપી. તેમને બાળપ્રવૃત્તિમાં ઘણો રસ હતો તેથી ઘરઆંગણે પ્લે સેન્ટર શરૂ કર્યું, જેનું ઉદ્‌ઘાટન પૃથ્વીરાજ કપૂરે કર્યું હતું. બાળકો માટે ચિત્રકામ, માટીકામ, પેપર કટિંગ, ગીત-સંગીત, રમતગમત વગેરે પ્રવૃત્તિ હાથ ધરી. બાળશિક્ષણ ક્ષેત્રે પણ તેઓનું નોંધપાત્ર પ્રદાન છે. આલોક બાલવાડી દ્વારા બાળકોના ઘડતરનું પાયાનું કામ સુધાબહેને કર્યું.

સાહિત્ય અને સંગીતનો વારસો સુધાબહેનને પિતા ર.વ.દેસાઈ તરફથી વારસામાં મળ્યો હતો. તેમનાં માતુશ્રી સંગીત જાણતા અને દિલરૂબા વગાડતા. દાદાજી 'દેશભક્ત' નામનું અઠવાડિક કાઢતા અને પત્રકાર હતા, છાપખાનું ચલાવતા. સુધાબહેનનો અવાજ ઘણો મીઠો હતો અને તેમને સંગીતની પણ જાણકારી સારી હતી. કોઈપણ વાદ્યની સંગત વિના કાવ્યો, બાળગીતો, લોકગીતો રજૂ કરે ત્યારે શ્રોતાઓ મંત્રમુગ્ધ થઈ જતા. બાળગીતો ગાય ત્યારે બાળકો જેવા બની જાય. કાવ્યોની પણ રચના કરતા સુધાબહેને ગુણવંત આચાર્ય કૃત 'પાતાળનાં પાણી' શિવકુમાર જોષી કૃત 'રાખની હૂંફ' 'અંધારાં ઉલેચો' માં અભિનય આપી, નાટ્યક્ષેત્રે પણ પ્રદાન કર્યું. તાજેતરમાં 'શ્રમશક્તિ' હેવાલના પ્રકરણનો અનુવાદ અને ર. વ. દેસાઈ જન્મશતાબ્દી નિમિત્તે લેખ લખ્યા. ર. વ. દેસાઈના વસ્ત્રો, પાનનો ડબ્બો અનેક સ્મૃતિચિહ્નોનું પ્રદર્શન યોજ્યું. 'દિવ્યચક્ષુ' નું બ્રેઈલ લિપિમાં અવતરણ કરાવ્યું.

તા. ૧૧મી ડિસેમ્બર, ૧૯૯૪ના દિને સુધાબહેને ચિરવિદાય લીધી. તે અગાઉ તેમના ભાઈ અને જાણીતા સમાજશાસ્ત્રી પ્રા. અક્ષયકુમાર દેસાઈનું ૧૨મી નવેમ્બરે નિધન થયું. ભાઈના અવસાનનો આઘાત સુધાબહેન ન જીરવી શક્યાં. જો કે તેમને કેટલાંક વર્ષથી પગના સાંધાની બીમારી, અલ્સર વગેરે દર્દો હતાં. શરીર કૃશ થઈ ગયેલું. તેમ છતાં છેક સુધી હસમુખા, ઉત્સાહી, પ્રેમાળ રહ્યાં. આ સારસ્વતપુત્રીના અવસાનથી ગુજરાતના સાહિત્યક્ષેત્રને અને નારીજગતને ઘણી મોટી ખોટ પડી છે.

- **ચંદ્રિકા ભટ્ટ**

(નયા માર્ગ - સાભાર)

## A Message

I was shocked to hear the news that Com. A.R. Desai is no more.

We were in the anti TADA National convention organised by APCRS and OPDR in Hydrabad, and the news spread in the farenoon of 13/11 that Com. A.R.Deasi passed away and 'Hindu' carried a news item. All of us were shocked.

The meeting was rightly turned into a meeting of passing homage to Com. A. R. Desai. Dr. Balagopal informed this sad news to the conference. A condolence meeting was conducted, Prof. Haragopal presided. Dr. K. Iliah, Dr. Bhasber Rao and Ms. Kalpana Kannabiran paid rich tributes to Com. Desai. Richer tributes came from the whole convention itself because it has rededicated itself to fight against TADA and such other black laws and to continue the democratic struggles in which Com. Desai was part and parcel throughout his life.......

The second meeting in Bombay in Jan.93 is memorable and as fresh as we met yesterday. It was only then I could grasp, many things, how much deep and serious interest he evinced for revolutionary literature and his contrilutation. He was also keenly following the developments and the debates in Telugu literature. He was as informed as any other serious reader of revolutionary literature in Telugu.

He was mentioning about comment on `Sthree Vada' literature and laughingly asked where has that fire of `Digumbara' days has gone. Whether the element of protest, the pulse of `Digambara movement aged and compromised with the establishment.

Let us preserve and Cherish the Democratic Spirit of that spirited Comrade.

Vara Vara Rao.
Ravolutionary Activist
Andhr Pradesh

## શોક ઠરાવ

ખૂબ મોટા ગજાના સમાજ વૈજ્ઞાનિક અને સ્ત્રી-દલિત-આદિવાસી જેવા વંચિત જૂથોના અધિકારો માટે સતત ઝઝૂમનાર છતાં અમારી સંસ્થા પ્રત્યે પણ પ્રેમભાવ રાખનાર અને વારંવાર પ્રેરણા આપી પ્રોત્સાહિત કરનાર અમારા વડીલ શ્રી અક્ષયકુમારભાઈ દેસાઈના અવસાનથી અમને એક સહૃદયી સમભાવી આપ્તજન ગુમાવ્યાનું દુઃખ થયું છે. મુ. અક્ષયભાઈ જેવા વડીલ ભાગ્યેજ પ્રાપ્ત થાય એટલે તેમની ખોટ પુરાશે નહીં એવી ઊંડી સભાનતા અમને છે તેવી મુ. વડીલ શ્રી નીરાબહેન તેમજ અન્ય કુટુંબીજનોને પણ હશે જ. તેમની સાથે ઊંડી સમભાવયુક્ત સહાનુભૂતિ વ્યક્ત કરીએ છીએ.

અવાજ પરિવાર વતી
**ઈલા પાઠક**

પ્રોફેસર ડૉ. અક્ષયકુમાર રમણલાલ દેસાઈનું શનિવાર તા. ૧૨-૧૧-૯૪ના રોજ અચાનક અવસાન થયાના સમાચાર જાણી મને અંગત રીતે અને સમસ્ત દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી પરિવારને ભારે આઘાત અને દુઃખની લાગણી થાય છે. શ્રી અક્ષુભાઈ સાથે મારે છેલ્લાં પંદરેક વર્ષથી પરિચય હતો. દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી સાથે ખૂબ ગાઢ રીતે તેઓ સંકળાયેલા હતા અને તેની વિવિધ સમિતિઓ પર તજજ્ઞની સેવા આપી દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીની શૈક્ષણિક અને સંશોધનને લગતી પ્રવૃત્તિઓના વિકાસમાં ખૂબ જ મહત્ત્વનો ફાળો આપ્યો છે. તેમના નિધનથી આપને અને પરિવારના સર્વ સભ્યોને ભારે ખોટ તો પડી છે પરંતુ શિક્ષણ જગતને એક વડા વિચારક તથા નબળા અને પછાત વર્ગોના હિતોના રક્ષણ માટે સતત પોતાનાં લખાણો અને સંશોધનો મારફતે ઝઝૂમતા વિદ્વાન શુભચિંતકની ન પૂરી શકાય એવી ખોટ પડી છે. ખરેખર તો પ્રોફેસર અક્ષયભાઈ આપણી વચ્ચે ન રહ્યા તે આપણા સૌને માટે ભારે દુઃખરૂપ છે. આ ઘડીએ હું અંગત રીતે દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી વતી આપને, સુધાબહેનને અને ચિ. મિહિરને હાર્દિક દિલસોજી પાઠવું છું તથા સદ્‌ગતના આત્માને ચિર શાંતિ પ્રાપ્ત થાય એવી સદ્‌ભાવના કરું છું.

લિ. ભવદીય,
દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી
**(બી. એ. પરીખ)**
કુલપતિ

## સી. જી. શાહ મેમોરીયલ ટ્રસ્ટ ડોક્યુમેન્ટેશન સેન્ટર : પ્રકાશનો

૧. ૮મી માર્ચ આંતરરાષ્ટ્રીય મહિલા દિન ગુજરાતમાં મહિલાઓની પરિસ્થિતિ (તૃપ્તિ)
૨. ડૉ. આંબેડકરનો જીવનસંઘર્ષ. ગુજરાતમાં દલિતોની પરિસ્થિતિ (કાન્તિલાલ મકવાણા અને વિલ્ફ્રેડ)
૩. મે દિન કામદાર સંઘર્ષનો ઇતિહાસ ગુજરાતમાં કામદારોની પરિસ્થિતિ (રોહિત).
૪. નવી આર્થિક નીતિ-શ્રમજીવી જનતાની નજરે (રોહિત)
૫. નવી ઔદ્યોગિક નીતિનો વિરોધ શા માટે ? (ભાવાનુવાદ - તૃપ્તિ અને ઠાકોરભાઈ)
૬. આંતરરાષ્ટ્રીય મહાસંકુલ કારગીલની ભીતરમાં (હેમન્ત શાહ)
૭. જૂઠાણાં વિરુધ્ધ સત્ય : શું ભારત સરકાર મુસ્લિમોને પંપાળી રહી છે ?
૮. માન્યતા વિરુધ્ધ હકીકત : પર્યાવરણ વસતિ સમસ્યા વિશેની ભ્રાન્ત માન્યતા
૯. મુક્ત બજાર - પર્યાવરણનો વિનાશ (હેમન્ત શાહ).
૧૦. મહિલાઓ અને પર્યાવરણ (ધનંજય ગૌતમ).
૧૧. માન્યતા વિરુધ્ધ હકીકત : કુટુંબનિયોજન વિશેનો ભ્રમ.
૧૨. પિતૃસત્તાક સમાજ : સંસ્કૃતિ અને સ્ત્રીઓ (નીરા દેસાઈ, શિરાઝ બલસારા)

The Executive Committee of the Indian Association of Women's Studies and all the members of IAWS convey to our President and sister, Neeraben Desai our love and share her sorrow at the sad demise of Shri A.R.Desai. It is a loss to all of us as he was a source of strength and a supporter of the women's movement

All members of
Indian Association of Women's Studies, New Delhi.

## અક્ષયકુમાર અને નીરા દેસાઈ દ્વારા સંપાદિત સમાજવિજ્ઞાનમાળાનાં પ્રકાશનો

(પ્રકાશક : આર. આર. શેઠ)

(૧) ભારતીય સમાજ અને સંસ્કૃતિ (અભ્યાસ પ્રવાહો)
*લે. ડૉ. અક્ષયકુમાર દેસાઇ*
(૨) ભારતીય નગર (સમાજશાસ્ત્રીય અન્વેષણ)
*લે. ડૉ. લલિતપ્રસાદ ક. વિદ્યાર્થી*
(૩) સંયુક્ત કુટુંબવ્યવસ્થા (સમાજશાસ્ત્રીઓની દૃષ્ટિએ)
સંપાદન : *ડૉ. અશોકકુમાર દેસાઈ; ડૉ. નીરા અ. દેસાઇ*
(૪) ભારતની સમુદાય વિકાસ યોજના (અભ્યાસીઓનાં મંતવ્યો)
સંપાદન : *ડૉ. અશોકકુમાર દેસાઈ; ડૉ. નીરા અ. દેસાઇ*
(૫) સમાજવાદ શા માટે ? *લે. પ્રો. મોરીસ ડૉબ*
(૬) ભારતમાં ગ્રામીણ સમાજશાસ્ત્ર. *લે. ડૉ. અક્ષયકુમાર દેસાઈ*
(૭) સમાજવાદ - એક વૈજ્ઞાનિક આલોચન. *લે. લીઓ હુબરમેન*
(૮) અર્થશાસ્ત્ર પ્રવેશિકા *લે. અર્નેસ્ટ મેન્ડલ*
(૯) ભારતની જ્ઞાતિવ્યવસ્થા - સંપાદન :
*ડૉ. અક્ષયકુમાર દેસાઈ, ડૉ. નીરા અ. દેસાઇ*
(૧૦) સામાજિક માનવશાસ્ત્ર *લે. ડૉ. વિલાસ સંગવે*
(૧૧) કલાનું સમાજશાસ્ત્ર-સંપાદન
(૧૨) શિક્ષણનું સમાજશાસ્ત્ર - સંપાદન } *ડૉ. અક્ષયકુમાર દેસાઈ, ડૉ. નીરા અ. દેસાઇ*
(૧૩) વિકસતાં શહેરો અને ઝૂંપડપટ્ટીઓ.
*લે. ડૉ. અક્ષયકુમાર દેસાઈ તથા ડૉ. દેવીદાસ પિલ્લાઇ*
(૧૪) સ્ત્રી-વિમુક્તિની સમસ્યાઓ. *લે. ઈવેલીન રીડ*
(૧૫) ભારતની સ્ત્રીનો પલટાતો દરજ્જો *લે. નીરા દેસાઇ*
(૧૬) ભારતનું બંધારણ (એક સમાજશાસ્ત્રીય અન્વેષણ)
*લે. પ્રા. શરદ ઝવેરી*
(૧૭) ભારતમાં શહેરી કુટુંબ અને કુટુંબનિયોજન
*લે. ડૉ. અક્ષયકુમાર દેસાઇ*
(૧૮) માર્કસવાદ અને માનવતા વાદ *લે. જ્યોર્જ નૉવેક*
(૧૯) શહીદ ભગતસિંહની ક્રાન્તિકારી ચિન્તનસૃષ્ટિ :
*ભગતસિંહના પસંદ કરેલા લેખોનો સંગ્રહ*
(૨૦) મહિલા શ્રમશક્તિ-સંપાદકો :
*ડૉ. અક્ષયકુમાર દેસાઈ, ડૉ. નીરા દેસાઇ*

## સમાજવિજ્ઞાનમાળાનાં આગામી પ્રકાશનો

(૨૧) માર્ક્સવાદ અને સ્વત્વનાશવાદનો સિધ્ધાંત

*અર્નેસ્ટ મેન્ડલ અને જ્યોર્જ નોવેક*

(૨૨) ભારતીય સમાજ અને પિતૃસત્તા. સંપાદન :

*ડૉ. અક્ષયકુમાર દેસાઈ, ડૉ. નીરા. અ. દેસાઇ*

(૨૩) સ્વતંત્ર ભારતમાં ઉચ્ચ કેળવણી : એક સમાજશાસ્ત્રીય અવલોકન. *લે. ડૉ. અક્ષયકુમાર દેસાઈ*

(૨૪) ઈતિહાસ *લે. ગૉર્ડન ચાઈલ્ડ અને બીજા*

## PUBLICATIONS OF PROF. A. R. DESAI

1948 Social background of Indian Nationalism
1953 Introduction to Rural Society in India
1959 Rural Society in India
1960 Recent trends in Indian Nationalism
1961 Rural India in Transition
1970 (with S. D. Pillai) Slums & Urbanization (ED.)
1971 Essays on modernization of Underdeveloped Societies (ED.)
1972 (with S. D. Pillai) Profile of an Indian Slum
1975 State & Society in India
1979 Peasant Struggles in India (ED.)
1980 Urban Family & Family Planning in India
1984 India's path of Development : a Marxist approach
1986 Agrarian struggles in India after Independance (ED.)
1986 Violation of Democratic Rights in India (ED.)
1990 Repression & Resistance in India (ED.)
1991 Expanding governmental lawlessness and Organized Struggles (ED.)
1994 (with Wilfred D.) State & Repressive Culture : a case study of Gujarat.

UNPUBLISHED :

Edited volumes on the LABOUR MOVEMENT IN INDIA (lying for over a decade with ICHR, New Delhi).

FORTHCOMING :

1. As General Editor of "ROLE OF RELIGION IN INDIAN SOCIETY SERIES" (Popular Prakashan) books and edited volumes on National Integration & Religion; Theoretical Perspectives on Religion & Society; Religion & Religious movements in preindependent India; New Religious Movements; etc.
2. Edited Volumes on RICH FARMERS' MOVEMENTS IN INDIA (Popular)

## ડૉ. અક્ષયકુમાર નાં અન્ય પ્રકાશનો :
(૧૯૮૨-૮૪)

<u>સોશ્યાલીસ્ટ સ્ટડી સેન્ટર (સુરત)નાં પ્રકાશનો :</u>

૧. હરિજન સમસ્યાઓનો સામાજિક સંદર્ભ
૨. દલિતો વિ. હિન્દુ સંપ્રદાયો
૩. ઝૂંપડાવાસીઓની સમસ્યાઓ
૪. ચમત્કારિક મહાનુભાવો અને ગરીબ જનતા

<u>પરિવર્તન (વડોદરા) ૧૯૮૭ નાં પ્રકાશનો :</u>

૧. સ્વતંત્ર ભારતમાં જ્ઞાતિ ? કોમી હિંસા.
૨. રાજીવ ગાંધી શાસન અને શ્રમજીવી ગરીબ જનતા.

**સી. જી. શાહ મેમોરિયલ ટ્રસ્ટ તથા ડોક્યુમેન્ટેશન સેન્ટરનાં પ્રકાશનો માટે પ્રાપ્તિસ્થાનો :**

૧. ડૉ. નીરા દેસાઈ
૪, જય કુટિર, ટાયકલવાડી રોડ,
માહીમ, મુંબઈ - ૪૦૦ ૦૧૬

૨. આંતરરાષ્ટ્રીય પ્રકાશન
ફ્લેટ નં. ૧૦૧,
શ્રી ક્રિષ્ણા એપાર્ટમેન્ટ્સ નં. ૨,
પોલીસ પરેડ ગ્રાઉન્ડ સામે,
રાવપુરા, વડોદરા - ૩૯૦ ૦૦૧

૩. સહિયર
નીરા, ઝંકાર ડ્રેસીસ ઉપર,
અમદાવાદી પોળ,
વડોદરા - ૩૯૦ ૦૦૧

# સી. જી. શાહ મેમોરીયલ ટ્રસ્ટનાં અંગ્રેજી પ્રકાશનો

C. G. SHAH MEMORIAL TRUST SERIES

1. Ends and Means : Their Dialectical Unity. *C. G. Shah*
2. A Positive Programme for Indian Revolution (out of print) *Ed. A. R. Desai*
3. The Generalised Recession of the International Capitalist Economy (out of print). *Ernest Mandel*
4. The State in the Age of Late Capitalism. *Ernest Mandel*
5. The Marxist Theory of State. *Ed. A. R. Desai*
6. Communism and Democracy. *Ed. A. R. Desai*
7. Changing Profile of Rural Society in India (2nd Edition) *A. R. Desai*
8. A New Policy of Rural Development in South and South - East-Asia - its Sinister Significance (2nd Edition) *A. R. Desai*
9. Public Sector in India - Controversies about its role (New enlarged edition) *A. R. Desai*
10. What is Behind Assault on Democratic Rights in India and Public Protest in Parliamentary Democracy (New enlarged edition). *A. R. Desai*
11. Trends of Urban Development in India and Proliferation of Slums and Squatting. *A. R. Desai*
12. Caste and Communal Violence in Independent India *A. R. Desai*
13. Violation of Democratic Rights in West Bengal Since Independence *Niranjan Dutta*
14. Rajiv Era - A Historical Perspective *Inquilabi Communist Sangathana*
15. Dynamics of the World Political Situation A Revolutionary Marxist Perspective *Ed. A. R. Desai*
16. Women's Liberation and Politics of Religious Personal Laws in India (Revised Edn.) *Ed. A. R. Desai*
17. The place of Marxism in History *Ernest Mandel*
18. Imprisioning the Unions : (2nd Edition) *Mihir Desai and Jaya Chandra*
19. Freedom of the Press : *Shobha Desai and Colin Gonsalves*
20. A justification of Reservations for OBCS *Mihir Desai*
21. Educational Policy of the State : Its impact on Human Rights of underprivileged in independent India *Ed. A. R. Desai*
22. Plan, Market and Democrary. *Catherine Samary*
23. Contemporary Relevance of the Great Debate in 20's & 30's in the Soviet Union. *John Ross*

Printed Matter
Book - Post

પડકાર કાર્યાલય
૭૮૪ એ, સેક્ટર-૨૧,
ગાંધીનગર - ૩૮૨ ૦૨૧ (ગુજરાત)

લેસર કંપોઝ : શ્રીજી કોમ્પ્યુટર, ગાંધીનગર. ફોન : ૨૬૧૦૪